॥ तस्य वाचकः प्रणवः ॥

# ઋતમ્ભરા

આત્મનો હિતાય જગત: સુખાય

ॐ



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

# પહેલાં જેટલા જ મૂર્ખ છીએ

સંકલન - જયશ્રી પંડ્યા

વધુ બોલવાના પરિશ્રમના કારણે પૂ.ગુરુદેવને આરામની જરૂરત હતી. તેથી પૂજ્યશ્રીએ ઉમરેઠમાં શ્રી ગુરુધ્યાનુભિક્ષુજીને બે શબ્દો બોલવા કહ્યું. પૂ.ગરુદેવનો આદેશ સ્વીકારીને આજ્ઞાધીન ગુરુધ્યાનુભિક્ષુજીએ પોતાના ભાવો આ રીતે વ્યક્ત કર્યા :

"આમ તો ગુરુસંતો જ આપણને ખૂબ સારી રીતે સમજી શકે. પણ અમુક પ્રમાણમાં આપણે આપણને સમજતા જ હોઈએ છીએ. આપણે કેટલા બુધ્ધિશાળી છીએ, કે કેટલા અધિકારી છીએ એ આપણે બરાબર જાણીએ જ છીએ. ઘણાં વર્ષો પહેલાં આપણે જેવા મૂર્ખ હતા તેવા જ અત્યારે પણ છીએ જ. તે વખતે મુસીબતો અને અગવડોનો કોઈ પાર નહોતો, આર્થિક સ્થિતિ પણ "એક સાંધે ત્યાં તેર તૂટે" એવી હતી. અને અત્યારે તો સગવડોનો કોઈ પાર નથી, પાણી માંગીએ ત્યાં દૂધ મળે છે, પગે ચાલવું હોય ત્યાં મોટરો હાજર થઈ જાય છે! આવો જબરજસ્ત ફર્ક શા કારણે થઇ ગયો ?શું આપણે મોટા બુધ્ધિશાળી થઈ ગયા ? કે મોટા અધિકારી થઈ ગયા ? એવો કયો મોટો ફર્ક પડી ગયો કે જેથી સગવડોના વરસાદ વરસવા લાગ્યા. વર્ષો પહેલાંની અને અત્યારની સરખામણી કરતાં લાગે છે કે અત્યારે પણ પહેલાં જેટલા જ મૂર્ખ છીએ. કદાચ કહેવું હોય તો એમ કહી શકાય કે આર્થિક સધ્ધરતાના કારણે અત્યારે થોડું અભિમાન વધ્યું છે. જો આમ છે તો આ ચમત્કાર શાથી થયો ? જવાબમાં માત્ર એમ જ કહી શકાય કે ગુરુજનોની કૃપા માત્ર. વળી એ અહૈતુકિ ગુરુકૃપા પણ કેવી ? એમણે જે કાંઈ આપ્યું છે, જે કાંઈ કૃપા કરી છે તે બધું ચાલ્યું ન જાય, તેવા અનઅધિકારી પાછા બની ન જઈએ તેટલા માટે તેઓ અવારનવાર આપણા ઘેર નિવાસ કરે છે. પોતાની નરમ-ગરમ તબિયત કે સગવડ-અગવડ પણ ન જુએ. અને આપણા કુટુંબ સાથે રહીને એકેએક વ્યક્તિની કાળજી રાખે કે રખેને કોઈ કુસંપના કીચડમાં કચરાઈ તો નથી રહ્યો ને! રખેને કોઈ કુસંગના કાદવમાં કૂદી તો નથી પડ્યો ને! રખેને કોઈ વ્યક્તિગત સ્વાર્થમાં આંધળો થઈને આખા કુટુંબની સુખશાંતિમાં આગ તો નથી ચાંપી રહ્યો ને!"

"આમ સૂક્ષ્મ નિરીક્ષણ કરતાં તુરત સમજાય છે કે આપણે તો હતા તેવાને તેવા જ ડફોળ છીએ પણ આ બધો ચમત્કાર તો ગુરુકૃપાનો જ છે."

"વળી એમની સતત કૃપાવર્ષા આપણને એવા તૈયાર કરી દે છે કે જ્યારે સગવડો, મોટરો એ બધું મળે ત્યારે તો ગુરુકૃપા સમજીએ છીએ પણ તે બધું ચાલ્યું જાય તેને પણ - ત્યારે પણ કૃપા જ સમજી શકીએ છીએ. અસ્તુ."

પૂ. ગુરુદેવે, શ્રી ગુરુધ્યાનભિક્ષુજીની ભાવાભિવ્યક્તિની પ્રશંસા કરતા કહ્યું કે :

"આટલાં સૂક્ષ્મ રહસ્યોને જેઓ સમજી શકે છે, આટલી તાત્વિક આંતરખોજ સુધી જેઓ પહોંચી શકે છે તેને મૂર્ખ કોણ કહી શકે ? આવા અધિકારી જનો પર પરમગુરુ ઓમ્‌પરમાત્માની કૃપા અખંડ વરસ્યા જ કરે છે. અસ્તુ."

## ગુરુપૂર્ણિમા મહોત્સવ

સમય : બુધવાર તા. ૨૮-૭-૯૯ ના રોજ સવારે ૭-૦૦ થી બપોરે ૩-૦૦ વાગ્યા સુધી
સ્થળ : ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીયા, મણીનગર, અમદાવાદ - ૩૮૦ ૦૨૮.

**સર્વે ઓમ્ પરિવારને આમંત્રણ**

મુખ પૃષ્ઠ : પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

ऋतम्भरा

(ऋतम्भरा એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય - બહુજનસુખાય)
જુલાઈ - ઓગષ્ટ - સપ્ટેમ્બર (ત્રિમાસિક)
VOL - IX ( 98-99 ) ISSUE - I માનદ્ તંત્રી - નૈષધ વ્યાસ

# પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી મહારાજની જીવનગાથા

પ્રવક્તા - યોગભિક્ષુ
સંકલન : નૈષધ વ્યાસ

## એક પ્રેરક સંભારણું (તા. ૨૯-૭-૯૮)

ઈ.સ. ૧૯૯૮ની સાલમાં અમે અમેરિકાની યાત્રાએ ગયેલા. એ વખતે સદ્‌સંસ્કાર અને સદ્‌વિચારના પ્રચાર અર્થે અમેરિકાનાં જુદાં જુદાં રાજ્યોમાં યાત્રા થતી રહેતી. આ યાત્રા દરમ્યાન અમારે જ્યોર્જિયાના આસબર્ન શહેરમાં એક સદ્‌ગૃહસ્થ પટેલભાઈને ત્યાં આઠેક દિવસ રોકાવાનું થયું. એમના અત્યંત આગ્રહના કારણે અમે ત્યાં રોકાયા. અમારી સાથે શ્રી ગુરુપ્રેમભિક્ષુજી તથા શ્રી ધવલ દેસાઈ હતા. અમે સૌ દરરોજ ખૂબ આનંદ કરતા. પટેલભાઈ અમને જુદી જુદી જગ્યાઓએ ફરવા લઈ જતા. તેમની મોટેલમાં એક સુંદર હોજ હતો. અમે એમાં સ્નાન કરતા. એમની ખૂબ ઈચ્છા અને આગ્રહના કારણે એમને ત્યાં ગાયત્રી-મારુતિ-યજ્ઞ પણ કરેલો. એમની તો ખૂબ ખૂબ ઈચ્છા હતી કે એમને ત્યાં અમે વધુ રોકાઈએ અને ભારત જઈને પણ બીજા વર્ષે પાછા અમેરિકા જઈએ અને એક-બે વર્ષ એમને ત્યાં રોકાવાનો કાર્યક્રમ કરીએ. અમારી સાથે અમારી આખી મંડળીને લાવવાની ઈચ્છા હોય તોપણ તેમનો ખૂબ આગ્રહ હતો કે, "આપ આપના ભક્તોને સાથે લઈને આવો; બાકી વ્યવસ્થા હું કરી દઈશ." આમ, એમના પ્રેમની કોઈ સીમા નહોતી.

પટેલભાઈના કુટુંબીજનો પણ એમના જેવા જ હતા. એમનાં પત્ની અતિ પ્રેમાળ હતાં. તેમને સંતાનમાં એક નાની બેબી હતી જે બાળમંદિરમાં ભણવા જતી હતી. તેમનાં સાસુ હતાં એ પણ એટલાં પ્રેમાળ. આખું કુટુંબ અમને ખૂબ સારી રીતે રાખતું હતું. અમારી અનેક પ્રકારના નિયમોથી જીવવાની આદત, એટલે અમારું જમવાનું, સૂવાનું, રહેવાનું વગેરે બધું અમારી રીતે જ ગોઠવી આપ્યું હતું. અમારી સાથેના ભક્તોને જુદા જુદા મોટા રૂમો આપ્યા હતા. ભગવાનની દયાથી એમની પાસે ઘણી સારી સગવડ હતી. મુખ્ય તો એ ગુરુ-પ્રેમ, સંત-પ્રેમ, અધ્યાત્મ-પ્રેમમાં રંગાયેલા હતા; તેથી જ અમે એમને ત્યાં એક અઠવાડિયું રહી શક્યા. એમને અને અમને એક અઠવાડિયું તો ઓછું પડ્યું. પણ બીજા સૌને પણ લાભ મળે એટલે અમારે પાછું ફરની આવવાનું થયું. ભરતભાઈના ત્યાં અમારું હેડક્વાર્ટર હતું. અમારી સાથે ધવલભાઈ હતા એ ભરતભાઈના સુપુત્ર. આમ, અઠવાડિયું રોકાઈ અમે ભરતભાઈને ત્યાં પાછા આવી ગયા.

અમે જ્યાં જઈએ ત્યાં કોઈના માટે કોઈપણ પ્રકારનું બંધન નહોતું કે અમારી પધરામણી અમુક પ્રકારે જ કરવી, કે અમુક પ્રકારનો કાર્યક્રમ ગોઠવવો જ, કે અમારા ચરણોમાં અમુક ભેટ મૂકવી જ; યજમાનની ઈચ્છા મુજબ અમે કાર્યક્રમ ગોઠવતા. ક્યારેક યજ્ઞ કરીએ તો ક્યારેક સ્વાધ્યાય-સત્સંગ કરીએ તો ક્યારેક આધ્યાત્મિક પ્રવચન કરીએ. આ નિમિત્તે અમે સદ્‌સંસ્કાર અને સદ્‌વ્યવહારનો પ્રચાર કરીએ. સદ્‌સંસ્કાર અને સદ્‌વ્યવહારનો પ્રચાર

એટલે શું ? સદ્સંસ્કાર અને સદ્વ્યવહારનો પ્રચાર એટલે લોકોને સાચી સમજણની વાતો કહેવી. અનેક કુટુંબોમાં અનેક વર્ષોથી ચાલ્યા આવતા વિભ્રમો યુક્તિ-પ્રયુક્તિ દ્વારા કેમ દૂર થાય, એમને બહુ આઘાત ન પહોંચે કે બહુ માઠું ન લાગે એ રીતે એમની સમજણ કેમ કલ્યાણમયી થાય એનો અમે પ્રયત્ન કરતા. આમ જુદાં જુદાં નિમિત્તો દ્વારા અમે અમારી યાત્રાને લોકકલ્યાણમયી કરવાનો ખૂબ પ્રયત્ન કરતા. અમારી સાથે જે કોઈ હોય તેઓ પણ આ બાબતમાં અમારા પૂરેપૂરા ભાગીદાર થતા. જ્યાં જ્યાં કાર્યક્રમ થાય ત્યાં ત્યાં સૌ પોતપોતાના ગજા પ્રમાણે, પોતપોતાની શક્તિભક્તિ પ્રમાણે ગુરુજીના (અમારા) ચરણોમાં ભેટ મૂકે. જોકે અમારા તરફથી કોઈને કોઈપણ પ્રકારનું બંધન નહોતું. ભેટ મૂકવી હોય તોય ભલે અને ન મૂકવી હોય તોય ભલે. ભેટ આટલી જ મૂકવી કે આટલી તો ન જ મૂકવી એવું પણ કાંઈ નહીં. અને અમારા ચરણોમાં મૂકેલી ભેટ અમે દરેક વખતે સ્વીકારીએ એવું જરૂરી નહીં. અમને ઈચ્છા થાય તો અમે ભેટ સ્વીકારીએ અથવા ડૉલર પર ઓમ્ લખી પ્રેમપૂર્વક પાછી પણ આપીએ.

તો, સૌના મનમાં જે કાંઈ સ્ફુરણા થાય એ પ્રમાણે અમારા ચરણોમાં ભેટ મૂકે. કોઈ રોકડા ડૉલર મૂકે, કોઈ ચેક મૂકે. આસબર્નમાં પટેલભાઈએ અમારા પગમાં ચેક મૂકેલો. તે વખતે અમે ચેક તરફ કાંઈ ધ્યાન આપેલું નહીં. કરની જઈ અમે ચેક કાઢ્યો અને જોયું તો ચેકમાં બધી વિગતો બરાબર ભરેલી પણ રકમનું ખાનું ખાલી હતું. આપણી ભાષામાં કહીએ તો તે કોરો (બ્લેન્ક) ચેક હતો. એક અઠવાડિયા પછી અમે એમનો ફોન દ્વારા સંપર્ક કર્યો અને કહ્યું કે ભાઈ! તમે જે ચેક આપ્યો છે તેમાં રકમ ભરેલી નથી તો એમાં શું કરવાનું છે? તેઓ કહે, "ગુરુદેવ! મેં જાણીને જ આપને કોરો ચેક અર્પણ કર્યો છે. આપની જે ઈચ્છા થાય તે પ્રમાણે આપ રકમ લખી શકો છો." તેમનો જવાબ સાંભળી અમે તો આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. અમે વાતો તો સાંભળેલી કે અમુક સંત અમુક જગ્યાએ ગયા હતા ત્યારે એમના અમુક શિષ્યે-ભક્તે તેમને કોરો ચેક આપ્યો હતો. આવી વાતો સાંભળીને અમને ખૂબ આશ્ચર્ય થતું કે તે સંતની કેટલી યોગ્યતા હશે! તે ભક્ત-શિષ્યની કેટલી યોગ્યતા હશે !! ત્યારે આવા વ્યવહાર થતા હશે ને ?! પણ આ તો અમારા જીવનમાં જ આવું બન્યું; શિષ્યે-ભક્તે કોરો ચેક આપ્યો. એટલે પરમાત્મા તરફ ધન્ય ધન્ય ભાવ અર્પણ કરી અમે તો ગદ્ગદ થઈ ગયા. અમે પટેલભાઈને ફોન ઉપર કહ્યું કે ભાઈ! તમને ધન્ય છે. તમને અમે શું આશીર્વાદ આપીએ? તમે તો આશીર્વાદ પામી જ ચૂકેલા છો. પણ તમે જે યજ્ઞ કરાવ્યો એની ભેટ-દક્ષિણા નિમિત્તે તમે આ ચેક આપેલો છે. તો, તમે જે ભેટ-દક્ષિણા આપવા ઈચ્છતા હો એમાં અમારી મરજી ન ચાલે. ભેટ-દક્ષિણામાં કદી માંગણી ન હોય. એમાં તો આપનારની શક્તિ-ભક્તિ-મતિ જોવાય અને એ પ્રમાણે તે આપે તો જ એણે સાચું આપ્યું કહેવાય; અને તો જ એને સાચું ફળ પ્રાપ્ત થાય.

અમે ફોન ઉપર ઉપરોક્ત વાતો પટેલભાઈને સમજાવી. તેઓ કહે, "ના ગુરુદેવ ! અમારી તો આવી જ ઈચ્છા છે કે આપની ઈચ્છા મુજબ આપ ચેકમાં રકમ ભરી દો અને જમા કરાવી દો." અમને એમ થયું કે અત્યારે તેઓ ખૂબ ભાવમય છે ત્યારે અમે તેમના મોઢે રકમ બોલાવવાનો આગ્રહ કરીશું તો તેમને કદાચ દુઃખ થશે, માઠું લાગી જશે. તેથી અમે અઠવાડિયું જવા દીધું અને પછી ગમે તે નિમિત્ત ઊભું કરી તેમને ફોન કર્યો અને ફોનમાં ચેકનો ઉલ્લેખ કર્યો. તો, એમની તો એની એ જ વાત હતી. આમ ને આમ બે મહિના વ્યતીત થઈ ગયા. અમારો ભારત આવવાનો સમય નજીક આવવા લાગ્યો. ફરીને પાછો તેમને ફોન કર્યો અને કહ્યું કે, ભાઈ! હવે અમારે ભારત જવાની તારીખ નજીક આવી ગઈ છે. આપનો ચેક કોરો જ છે; એ ચેક કોરો ને કોરો જ રહી જશે. અમે તો એમાં કોઈ રકમ ભરવાના છીએ જ નહીં. આપ આપના તરફથી કહો તો એ પ્રમાણે ચેક ભરાવી દઈએ. આ સાંભળી એમને એમ થયું કે ગુરુજી ખૂબ મક્કમ છે. કારણકે અમારી રજૂઆત એકદમ તાત્ત્વિક હતી. ભેટ એ કોઈ માંગણી નથી તેથી એમાં લેનારની ઈચ્છા ના ચાલે, એમાં તો આપનારની ઈચ્છા જ કામ આવે. અને એ જ સાચી પદ્ધતિ છે. આમ, અમારા અતિ આગ્રહના પરિણામે તેમને પણ ભગવાને કંઈ સૂઝ પાડી. એમણે કહ્યું કે, "ગુરુદેવ, અત્યારે મારી નાની દીકરી બાળમંદિર ગઈ છે. તે સાંજે આવશે. મેં એવું નક્કી કર્યું છે કે થોડી ચિઠ્ઠીઓ બનાવી એમાં જુદી જુદી રકમ લખીશ. એ બધી ચિઠ્ઠીઓ થાળીમાં પાથરી મારી દીકરીને એક ચિઠ્ઠી ઉપાડવાનું કહીશ. તેણે ઉપાડેલી ચિઠ્ઠીમાં જે રકમ આવશે તે હું આપને કહીશ.

એટલે આપ એ રકમ ચેકમાં ભરી દેજો.'' અમે તેમને કીધું કે ભલે, તમે જે વિચાર્યું છે તે બરાબર છે.

સાંજ પડી ગઈ પણ પટેલભાઈનો ફોન આવ્યો નહીં. જો કે તેમને તો ઉતાવળ હતી જ નહીં, ઉતાવળ અમારે હતી. તેમનો ફોન ન આવ્યો એટલે બે દિવસ પછી અમે ફોન કર્યો અને પૂછ્યું કે ભાઈ, તમે પેલી ચિઠ્ઠીની વાત કરતા હતા તેનું શું થયું? તેઓ કહે, ''હા ગુરુદેવ! તે દિવસે સાંજે જ મેં મારી દીકરી પાસે ચિઠ્ઠી ઉપડાવી દીધી હતી. પણ આપને ફોન કરવામાં વિલંબ થઈ ગયો. ગુરુદેવ! એ ચિઠ્ઠીમાં આટલી રકમ નીકળી.'' અમે કહ્યું, શું વાત કરો છો ? આટલી મોટી રકમ! તેઓ કહે કે, ''આ રકમ તો મોટી છે જ નહીં. બીજી એનાથીય વધુ રકમની ચિઠ્ઠીઓ હતી પણ આ રકમની ચિઠ્ઠી નીકળી છે. તો, આપ એ રકમ ચેકમાં ભરી દો. અમે કહ્યું - ભલે ભાઈ, હવે તમે કહ્યું એટલે એ રકમ અમે ચેકમાં ભરી શકીશું. આજ સુધી તો તમારો અતિ આગ્રહ કે 'તમે જાતે ભરો' અને અમારો આગ્રહ કે 'ના, આપ કંઈક કહો' એમાં ચેક કોરો જ હતો. આમ, એમણે કહેલી રકમ અમે ચેકમાં ભરી દીધી.

તો, આ આખી વાતનું સ્મરણ અમને ક્યાંથી થયું? ગઈ કાલે જ ડૉ. ધવલ દેસાઈ અમારે ત્યાં પધાર્યા. તેઓ થોડા દિવસ પહેલાં જ નવસારી આવ્યા હતા અને ત્યાં થોડા દિવસ રહી ગુરુજીના ઘેર આવ્યા. અમેરિકામાં જ્યારે ઉપરોક્ત પ્રસંગ બન્યો ત્યારે ધવલભાઈ અમારી સાથે જ હતા. તો, તેમને જોઈને એ આખો કિસ્સો યાદ આવી ગયો કે - અમે એ પટેલભાઈને ત્યાં અઠવાડિયું રોકાયેલા અને ત્યાં ખૂબ આનંદ કરેલો. એમની ભાવના કેવી હતી !? આહાહાહા....! ધન્ય ધન્ય છે ભારતમાતાને! ભારતીય સંસ્કૃતિને! ભારતીય ઋષિમુનિઓ અને યોગીઓને! - કે એમણે કેવા સંસ્કારો રોપ્યા, કેવા સંસ્કારોનો પ્રચાર કર્યો, કેવા ત્યાગ અને બલિદાનનાં ગુણગાન લોકોના હૃદયમાં ઠસાવ્યાં કે જેથી લોકોનો મનુષ્યજન્મ સાર્થક થાય, કલ્યાણનો પથ અનાયાસે જ પ્રાપ્ત થાય; એક મનુષ્યને બીજા મનુષ્ય પ્રત્યે સંતભાવ જાગે, ગુરુભાવ જાગે અને એમના માટે તન-મન-ધન સઘળું સમર્પણ કરવા માટે એ તત્પર થઈ જાય, એ જબરજસ્ત ઉત્સાહિત થઈ જાય! આપણે સૌ જાણીએ છીએ કે અમેરિકામાં એક એક ડૉલર કમાવા પાછળ કેટલો પરસેવો પાડવો પડતો હોય છે. રાત અને દિવસ જોયા વિના આખાં કુટુંબ કેવાં કામમાં લાગી ગયેલાં હોય છે, એ તો આપણે અમેરિકા જઈએ અને અમુક કુટુંબોમાં ભળી જઈએ તો આપણને ખબર પડે. અમેરિકા... અમેરિકા... અમેરિકા... આપણે કહીએ કે ત્યાં કેટલી બધી કમાણી, કેટલી બધી કમાણી! એ મોટી કમાણી શેના કારણે લાગે છે? કારણકે આપણે ડૉલરને ડૉલરમાં ગણવાને બદલે, તેના જેટલા ગણા રૂપિયા થાય એટલા રૂપિયામાં ફેરવી નાખીએ છીએ. આપણે ડૉલરને સીધા રૂપિયામાં ફેરવી નાખીએ એટલે આપણને એમ લાગે કે, આહાહાહા....! મહિને આટલો પગાર! મહિને આટલી કમાણી ! પણ ત્યાં તો રૂપિયાનું ચલણ છે જ નહીં. ત્યાં ડૉલરમાં કમાવાનું અને ડૉલરમાં જ ખર્ચવાનું. એ ડૉલર જો ભારતમાં આવે તો એનો જે ભાવ ચાલતો હોય એટલા ગણા રૂપિયા થાય અને એટલે આપણને ઘણા બધા લાગે.

તો, આ પ્રેરક સંભારણું ધવલભાઈના કારણે યાદ આવી ગયું, કે જે ખૂબ પ્રેરક છે. ભક્તોના મનમાં, શિષ્યોના મનમાં, સદ્‌ગૃહસ્થોના મનમાં કેવી ઉદાર ભાવના હોય છે! કેવો મોટો ત્યાગ કરવા માટે તેઓ તત્પર હોય છે !! નહીં તો? આપણેય માણસ છીએ અને ગુરુસંતોય માણસ છે, આપણેય પંચમહાભૂતના અને એ ય પંચમહાભૂતના, આપણેય ખાઈએ છીએ અને એ ય ખાય છે. છતાંય એ ભક્તો-શિષ્યોમાં કેટલી સૂક્ષ્મ બુદ્ધિ છે ? કે એમના જેવા જ લાગતા એક મનુષ્યના હૃદયને તેઓ પારખી લે છે. પોતાના કરતાં કંઈક જુદું જ જીવન જેમનું છે એમને અવલોકીને ઓળખી લે છે અને એમની સેવાનો ખૂબ લાભ લે છે. અને એ રીતે પોતાના મનુષ્યજીવનને સાર્થક કરે છે. અસ્તુ.

અમેરિકાની વાત કરીએ તો ત્યાં સસ્તાઈ બહુ કહેવાય. ત્યાં અમે ટેપરેકોર્ડર લેવા જતા. એક કેસેટમાંથી બીજી કેસેટમાં તાબડતોબ ટેપ થઈ શકે એવા ડબલડેકનાં ટેપરેકોર્ડરો ફક્ત ૫૦ થી ૬૦ ડૉલરમાં આવે. તે દેખાવમાં પણ ખૂબ સુંદર હોય અને કામ પણ ખૂબ સારું આપે. વર્ષો સુધી ગમે તેવો રફ ઉપયોગ હોય તોય ખરાબ ન થાય. વળી એનો સ્વર પણ ખૂબ શુદ્ધ અને મીઠાશવાળો નીકળે. સમજો કે ત્યાં કોઈ વ્યક્તિ મહિને ૫૦૦૦ ડૉલર કમાતો હોય અને એને આવું ટેપરેકોર્ડર લેવાની ઇચ્છા

થાય તો ૫૦-૬૦ ડૉલર તેને ભારે ના પડે. એની તુલનામાં આપણે ભારતની ગણતરી કરીએ તો ભારતમાં એવું ટેપરેકોર્ડર ૫૦૦૦ રૂપિયામાં મળતું હોય. તેથી અહીં ૫૦૦૦ રૂપિયા કમાનાર વ્યક્તિને એ ટેપરેકોર્ડર ખરીદવું ભારે પડે. ટેપરેકોર્ડરનું તો એક દૃષ્ટાંત આપ્યું. એ જ પ્રમાણે દરેકે દરેક વસ્તુ ત્યાં સસ્તી મળે. એટલે ડૉલરમાં કમાવાનું હોય અને ડૉલરમાં વાપરવાનું હોય તો સસ્તું પડે. તેથી ત્યાંનું જીવનધોરણ ખૂબ જ સસ્તું કહેવાય. ત્યાંની દરેક વસ્તુ ઉત્તમ ગુણવત્તાવાળી. ખાવાપીવાની વસ્તુઓ પણ ખૂબ સસ્તી અને ખૂબ શુદ્ધ. તો, આ બધી બાબતમાં આપણે અમેરિકાની પ્રેરણા લેવી જોઈએ. ભારતની ઘણી બધી વસ્તુઓ એવી હોય કે એની પ્રેરણા બીજાઓને મળી શકે; એમ બીજાઓની પણ ઘણી બધી વસ્તુઓ એવી હોય કે જેની પ્રેરણા ભારત લઈ શકે. આમ, જ્યાં જ્યાં ગુણ દેખીએ ત્યાં ત્યાંથી ગુણને પ્રાપ્ત કરીએ. મનુષ્યે પોતાની બુદ્ધિને ગુણગ્રાહક બનાવવી જોઈએ. બાકી તો વિશ્વનિયંતાએ જગત જ કેવું રચ્યું છે ?

જડચેતન, ગુણદોષમય, વિશ્વ કિન્હ કિરતાર;
સંત-હંસ ગુણ પય પીય, પરિહરી વારિ વિકાર.

એનો અર્થ છે - પરમાત્માએ વિશ્વ જ કેવું રચ્યું છે ? જડચેતન ગુણદોષમય. જડ-ચેતન અને ગુણ-દોષથી જગત ભરેલું છે. જેમ હંસ પોતાની વિશેષ શક્તિ દ્વારા ભેગા કરેલા દૂધ અને પાણીમાંથી દૂધ-દૂધ જ પી જાય છે અને પાણીને પડ્યું રહેવા દે છે તેમ સંતોરૂપી હંસો આ વિશ્વમાંથી ચેતન-ચેતનને ગ્રહણ કરી લે છે અને જડ-જડને પડ્યું રહેવા દે છે; ગુણ-ગુણને ગ્રહણ કરી લે છે અને દોષ-દોષને પડ્યા રહેવા દે છે.

તો, આપણે સૌ પરમાત્માને ફરીફરીને પ્રાર્થના કરીએ કે આસબર્નમાં પટેલભાઈની જેવી ઉદાર વૃત્તિઓ હતી, જેવો ગુરુસંત તરફનો પ્રેમ ઇત્યાદિ હતા તેવા આપણા સૌના પણ બનાવે કે જેથી આપણે સંકીર્ણતામાંથી મુક્ત થઈ અને પરભવનું ભાથું બાંધી શકીએ, કલ્યાણમાર્ગ પકડીને મોક્ષ પ્રાપ્ત કરી શકીએ. અસ્તુ.

## ગૃહસ્થાશ્રમ સંયમધર્મ શીખવે છે
## (તા. ૧-૮-૯૮)

આજે બરાબર એક વર્ષ થયું. ગયા વર્ષે ઓગષ્ટની પહેલી તારીખે ડાબી આંખના મોતિયાનું ઓપરેશન કરાવી લેન્સ નખાવેલો. સવારના ઓપરેશન કરાવવા ગયેલા અને અગિયાર વાગતાં સુધીમાં બધું પતી ગયેલું. ઓપરેશન કરાવીને સીધા ડૉક્ટરભિક્ષુજીના ત્યાં ગયેલા. ત્યાં લગભગ બે-અઢી મહિના જેવું રોકાવાનું થયેલું. તે દરમ્યાન સમય પસાર કરવા માટે જુદા જુદા ગ્રંથોનું અવલોકન અને અધ્યયન ચાલતું. આયુર્વેદના ગ્રંથો પણ જોયેલા. એમાં ''ઊંઘ લાવવાના ઉપાયો'' એ પ્રકરણમાં થોડી સુંદર વાતો લખેલી. સારી-મીઠી ઊંઘ લાવવા માટે ઘણા બધા ઉપાયો, યુક્તિઓ, ઓસડિયાંઓ બતાવેલાં. એમાં એક ઉપાય એ બતાવેલો કે - પત્નીને આલિંગન આપીને સૂઈ જવું જેથી ઊંઘ બહુ સારી આવી જાય. પરંતુ આ ઉપાયમાં એક સરસ શરત એ મૂકેલી કે મનને નિર્વિકાર રાખીને આલિંગન આપવું.

આ અતિ સુંદર વાત છે. ગૃહસ્થાશ્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આ જ છે કે સ્ત્રી-પુરુષે પરસ્પર એકબીજા તરફ નિર્વિકાર દૃષ્ટિ કઈ રીતે કેળવવી? ગૃહસ્થાશ્રમમાં પતિપત્ની સ્વરૂપે સ્ત્રી-પુરુષ એકબીજાની વધુમાં વધુ નજીક આવે છે, એકબીજાનાં શરીરોને વધુમાં વધુ અવલોકવાનો મોકો મળે છે અને તેથી વાસનાત્મક આકર્ષણ મોળું પડતું પડતું ટૂટી જાય છે. તો, મનુષ્યે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ એટલા માટે જ કરવાનો છે કે જેથી એકબીજાના શરીરના પંચમહાભૂતને ઓળખી-અવલોકી અને શરીરની આરપાર જોઈ શકવાની કુશળતા કેળવાય. શરીરની અંદર અને બહાર શું છે ? એ બધું શેનાથી ભરેલું છે ? આમ, એકેએક અંગને, એકેએક પદાર્થને છૂટા છૂટા વિચારીને, કલ્પીને આગળ ચાલીએ તો કોઈના પણ શરીરમાં મોહ ઉત્પન્ન થવા જેવું રહે જ નહીં.

તો આમ, ગૃહસ્થાશ્રમને પણ મન જીતવા માટેનું એક ઉત્તમ સાધન સમજવાનું છે. ગૃહસ્થાશ્રમમાં બેફામપણે વાસનામય થઈને શરીરનો નાશ કરી નાખવાનો નથી. ગૃહસ્થાશ્રમ તો ઉત્તમ રીતે સંયમ કેળવવા માટે છે. એક વખત જ્યાંથી કુતૂહલ અને જિજ્ઞાસા ટળી જાય પછી મન ત્યાં ફસાતું નથી, લલચાતું નથી. તો આમ, ગૃહસ્થાશ્રમમાં પતિ-પત્નીરૂપે સ્ત્રી-પુરુષ વધુમાં વધુ નજીક આવીને પોતાના મન ઉપર કાબૂ કેળવી લે છે. પછી એને શરીરની અંદર જે ચેતન સ્વરૂપ પરમાત્મા છે તેની જ પ્રતીતિ થયા કરે છે. પછી શરીરમાં પંચમહાભૂત ઓછું દેખાય છે. અને પંચમહાભૂતમય બંનેનાં

વિજાતીય શરીરો અવલોકીને એમને એ પણ પ્રતીતિ થઈ જાય છે કે જગતના તમામ સ્ત્રી-પુરુષોનાં શરીરો અને તમામ જગત આવા પંચમહાભૂતથી જ બનેલું છે. આ પંચમહાભૂતમાં મોહ શેના કારણે છે? કારણકે એમાં આતમરામ બિરાજેલા છે, એ આતમરામનો પ્રકાશ છે. એ આત્મા જે ઘડીએ એમાંથી ચાલ્યો જાય તે પછી એ શરીર સામે જોવું પણ ગમતું નથી.

તો આમ, કહેવાય તો 'ઊંઘ લાવવાનો ઉત્તમ ઉપાય' પણ એમાં કેટલી સુંદર વાતોને ગોઠવી દીધી છે કે જેથી મનુષ્ય સરળતાથી પોતાના મન ઉપર કાબૂ કરીને મનુષ્યજન્મની સાર્થકતા કરતો જાય. યોગદર્શનનું એક સૂત્ર છે : શૌચાત્ સ્વાંગ જુગુપ્સા પરૈર સંસર્ગઃ - શૌચના પાલનથી પોતાનાં અંગોમાં અને બીજાઓનાં અંગોમાં જુગુપ્સા પેદા થાય છે. પોતાના શરીરમાં અને બીજાઓનાં શરીર તરફ એક પ્રકારની ઉદાસીનતા પ્રગટે પછી તેમાં કોઈ પ્રકારનું કુતૂહલ નથી રહેતું.

અષ્ટાંગયોગનાં આઠ અંગો છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. પ્રથમ અંગ યમનાં પાંચ ઉપાંગો છે - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. બીજા અંગ નિયમના પાંચ ઉપાંગો છે - શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન. તો આ ઉપાંગોમાંથી શૌચરૂપી ઉપાંગોનું પાલન કરવાથી કયા ફળની પ્રાપ્તિ થાય છે ? આ ફળ - સ્વાંગ જુગુપ્સા પરૈર સંસર્ગઃ ; બીજાના અંગના સંસર્ગ તરફ તથા પોતાના શરીરનાં અંગોમાં જુગુપ્સા પ્રગટે છે, જેના કારણે પોતાનાં અને પારકાં અંગોમાં ઉદાસીનતા આવે છે અને એ તરફ કોઈપણ પ્રકારનું આકર્ષણ રહેતું નથી.

તો, આ રીતે ભારતીય સંસ્કૃતિમાં સંયમધર્મની ઘણી મોટી મહત્તા છે. હકીકતમાં તો સંયમધર્મ એ જ સાચો ધર્મ. મન ઉપર સંયમ, મન આપણા કાબૂમાં, મનના કાબૂમાં આપણે નહીં; એનું નામ જ સાચા ધર્મનું પાલન કર્યું કહેવાય, એનું નામ જ ધર્મની પ્રાપ્તિ કરી કહી શકાય. તો, ગૃહસ્થાશ્રમની પણ એટલી મોટી મહત્તા છે. શા માટે ? એટલા માટે કે એના દ્વારા સંયમધર્મ પ્રાપ્ત કરવાનો છે. તેથી જ, આગળ વાત થયા મુજબ આયુર્વેદના પુસ્તકમાં આ સરસ યુક્તિનું નિરૂપણ કર્યું કે પતિ-પત્નીએ આલિંગન આપીને સુવું કે જેથી સરસ ઊંઘ આવે. પરંતુ સાથે સાથે મુખ્ય શરત એ રાખી કે તે વખતે મન નિર્વિકાર હોવું જોઈએ. ગૃહસ્થાશ્રમના દીર્ઘ સમય પછી આ પરિસ્થિતિ કુદરતી રીતે જ આવે છે, જો મનુષ્ય સાવધાન હોય તો. જો મનુષ્ય સતર્ક રહીને એ વાત ધ્યાનમાં રાખવાની ખેવના રાખે કે તેણે ગૃહસ્થાશ્રમમાં શા માટે પ્રવેશ કર્યો તો જરૂર સંયમની પ્રાપ્તિ થાય. પરંતુ આ પ્રકારની ખેવના ન હોય અને જેને પશુપક્ષીની જેમ જ જીવન જીવવું હોય એની વાત જુદી. બાકી તો કુદરતી રીતે પરમાત્માએ તનની, મનની, વૃત્તિઓની રચના જ એવા પ્રકારની કરી છે કે દરેક બાબતમાં અમુક સમય પછી ઉપરામતા આવતી જાય છે.

પરમાત્માની દયાથી આપણે પણ યેનકેન પ્રકારેણ સંયમધર્મમાં આગળ વધતા જ જઈએ અને બીજાઓને પણ પ્રેરણા મળે એવું આપણું જીવન બનાવતા જઈએ. કેવું જીવન? ફૂલ જેવું સુગંધી જીવન. જેમ ફૂલ પોતે ફૂલ તો છે જ પણ એ સુગંધી પણ છે. તેને પોતાની સુગંધ આપવા માટે ક્યાંય જવું પડતું નથી. એનું કર્તવ્ય તો છે ફક્ત સુગંધિત બનવાનું. પછી એ સુગંધને ફેલાવવા માટે એણે ક્યાંય દોડાદોડી કરવાની જરૂર નથી. પછી તો પરમાત્માના દૂત પવનદૂત એ સુગંધને ચારેય દિશાઓમાં ફેલાવશે. આપણે પણ એ સુગંધિત ફૂલ જેવા થવાનું છે. પછી એ સુગંધને તો પરમાત્મા જ પોતાની રીતે ચારે બાજુ ફેલાવશે. તો, પ્રણવ-પરમાત્માને પ્રાર્થના કરીએ કે તેઓ આપણને સુગંધિત પુષ્પ જેવા બનાવે. અસ્તુ.

## જેણે રામને ઋણી રાખ્યા

ઉમરેઠ મુકામે દરેક અમાસ પછીના પહેલા સોમવારે આપણા ઓમ્‌પરિવારના સ્વાધ્યાય-સત્સંગનું કેન્દ્ર ચાલે છે. એ વખતે જો અનુકૂળતા હોય તો અમે ત્યાં હાજરી આપીએ છીએ. ત્યાં સત્સંગ-સ્વાધ્યાયમાં સૌ જુદાં જુદાં ભજનોનો પણ લાભ લેતા હોય છે. એમાં એક ભજન જે સૌને પ્રિય છે તે હનુમાનજી વિષેનું છે. એ ભજન જ્યારે જ્યારે સાંભળવાનું થાય ત્યારે વિશેષ સ્વરૂપે એનો અર્થ સમજાવવાનો પ્રયત્ન કરવાની ઇચ્છા થાય. સૌની પણ એવી ખૂબ જ ઇચ્છા હોય કે ગુરુજી આ ભજનને વિસ્તારથી સમજાવે તો સારું. તો, આજે એ ભજન વિષેની થોડી સમજણ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરીએ. એ ભજનના શબ્દો આ મુજબ છે -

**જગતમાં એક જ જન્મ્યો રે જેણે રામને ઋણી રાખ્યા.**

(ધ્રુવ)

રામના ચોપડે થાપણ કેરા ભંડાર કરીને રાખ્યા.
ન કરી કદી ઉઘરાણી તેણે સામા ન ચોપડા રાખ્યા.
માગણા કેરાં વેણ હરખથી કોઈને મોઢે ન ભાખ્યાં.
રામકૃપાએ સુખસંસારી સ્વાદ ભર્યાં નવ ચાખ્યાં.
હરિએ કંઠમાં હાર પહેરાવ્યો મોતીડાં મોઢામાં નાખ્યાં.
મોતીડાં કરડી, માળા ફેંકી, ત્રાગડા તોડી નાખ્યા.
રામનાં સઘળાં કામ કર્યાં અને બેસણાં બારણે રાખ્યાં.
રાજસભામાં ભડકા ભાળ્યા, ધૂળમાં ધામા નાખ્યા.
અંજનીમાતાની કૂખ ઉજાળી નિત્ય રખોપાં રાખ્યાં.
ચોકી રામની કદી ન છોડી ઝાંપે ઉતારા રાખ્યા.
કાગ કહે બદલો ક્યારે ન માગ્યો પોરસ કદીયે ન ભાખ્યાં.
જેણે બદલો લીધો એનાં મોઢાં પડી ગયાં ઝાંખાં.
જગતમાં એક જ જન્મ્યો રે, જેણે રામને ૠણી રાખ્યા.

કાગ કવિનું આ અતિ સુંદર ભજન છે. તેમાં મનુષ્યની વૃત્તિઓ કેવી હોય છે, સામાન્ય મનુષ્ય કેવી રીતે વર્તતો હોય છે, તેનામાં કેવી બદલાની ભાવના હોય છે વગેરેનું સુંદર ચિત્રાણ છે. ભજનની પહેલી લીટી જ કેટલી સુંદર છે ! 'જગતમાં એક જ જન્મ્યો રે જેણે રામને ૠણી રાખ્યા.' જગતમાં સૌનો જન્મ તો થયો પણ કોઈ એવો જન્મ્યો કે જેણે ભગવાનને ૠણી રાખ્યા હોય? મનુષ્યમાત્ર પરમાત્માનો ૠણી છે, પરમાત્માને કોઈએ ૠણી રાખ્યા નથી; પરમાત્મા કોઈના ૠણી નથી. પરમાત્માએ કોઈ પાસે કશું માગ્યું નથી. સૌને પરમાત્મા પાસેથી કંઈને કંઈ લેવાની ઈચ્છા હોય છે અને તેથી સૌ પરમાત્માના દેણદાર હોય છે. પણ એક હનુમાનજી જ એવા હતા કે જેમણે રામને ૠણી રાખ્યા. તેમણે રામ પાસે કંઈ ન માગ્યું, કેવળ સેવા જ કર કર કરી, રામની સેવા જ કર કર કરી. કેવી સેવા કરી ?

'રામના ચોપડે થાપણ કેરા ભંડાર કરીને રાખ્યા. ન કરી કદી ઉઘરાણી તેણે સામા ન ચોપડા રાખ્યા. માગણા કેરાં વેણ હરખથી કોઈને મોઢે ન ભાખ્યાં.' હનુમાનજીએ રામની એવી સેવા કરી, એવી સેવા કરી કે તેમની થાપણના ભંડાર થઈ ગયા. એ થાપણના ભંડાર ક્યાં રાખ્યા? રામના ચોપડામાં. રામના ચોપડામાં હનુમાનજીનું બધું જમા પાસું લખાયું. તેમની થાપણનો એટલે બધો ભંડાર ભરાઈ ગયો છતાંય એમણે કદીયે એક પાઈની પણ ઉઘરાણી ન કરી; ઉઘરાણી ન કરી એટલું જ નહીં પણ તેમણે પોતે કદી પોતાની થાપણના ચોપડા પણ ન રાખ્યા. પોતે એની નોંધ પણ ન રાખી કે 'રામ પાસે હું આટલું માગું છું.' પોતે પોતાના જમા પાસાના ચોપડા તો ન રાખ્યા પણ માગણાં કેરાં વેણ હરખથી કોઈને મોઢે ન ભાખ્યાં. રામની પાસે આટલું બધું એમનું માગણું છે એવી વાતો હનુમાનજીએ ક્યારેય કોઈને મોઢે ન કરી. હરખમાં ને હરખમાં કે ફુલાઈ-ફુલાઈને કે અહંકારમાં ને અહંકારમાં એમણે ક્યારેય કોઈનેય એમ ન કીધું કે ''મારે રામ પાસે આટલું લેણું છે અને અનેક વર્ષો વીતવા છતાંય મેં એમની પાસે કશુંય માગ્યું નથી.'' નહીં તો સામાન્ય મનુષ્ય તો અહંકારથી ભરાઈને, ફુલાઈ-ફુલાઈને એમ જ કહેતો ફરે કે - 'મારે તો ફલાણા પાસે આટલું લેણું છે, મેં તો એને કેટલું બધું આપેલું છે; આટલાં વર્ષો થઈ ગયાં છતાંય હજુ સુધી એણે મને એકેય પાઈ પાછી આપી નથી. વળી હું એની પાસે ક્યારેય માગતો નથી.' તો, હનુમાનજીએ તો ક્યારેય કોઈની પાસે હરખનાં વેણ પણ ન કાઢ્યાં.

'રામકૃપાનાં સુખ-સંસારી સ્વાદ ભર્યાં નવ ચાખ્યાં.' હનુમાનજીએ તો રામની જે કૃપા ઊતરી એ કૃપારૂપી સુખ જ માણ્યાં, સંસારનાં સુખો તો એમણે ચાખ્યાંય નહીં; સંસારના સુખોનો સ્વાદ કેવો લાગે એનો અનુભવ પણ એમણે કર્યો નહીં. રામકૃપાનાં સુખ કેવાં લાગે છે અને એની તુલનામાં સંસારનાં સુખ કેવાં લાગે છે એ જોવા માટેય કે એનો પ્રયોગ કરવા માટેય એમણે સંસારનાં સુખ ચાખ્યાં નહીં; સંસારના સુખનો કેવો સ્વાદ છે એ જોવાનો પ્રયત્ન પણ એમણે ન કર્યો, રામકૃપાના સુખમાં પોતે એટલા બધા તૃપ્ત થઈ ગયા. 'હરિએ કંઠમાં હાર પહેરાવ્યો મોતીડાં મોઢામાં નાખ્યાં.' શ્રીરામે પોતાના કંઠમાંથી સાચા મોતીનો હાર કાઢીને હનુમાનજીના કંઠમાં પહેરાવ્યો તો તેમણે શું કર્યું ? તેમણે હારનું એક એક મોતી તોડી, મોઢામાં નાખી અને બે દાંત વચ્ચે દબાવી-દબાવીને, તોડી-તોડીને પછી જોયું કે એમાં એમના રામ છે; એકેય મોતીમાં એમના રામ છે. આમ, જોતાંજોતાં બધાં મોતી તોડી નાખ્યાં. એ મોતી એટલાં બધાં મોંઘાં હતાં પણ હનુમાનજીના મનથી તો જેમાં એમના રામ ન હોય, જેમાં એમના ભગવાન ન હોય, જેમાં એમના ગુરુસંત ન હોય એવાં મોતીને શું કરવાં છે ! 'મોતીડાં તોડી, માળા ફેંકી ત્રાગડા તોડી નાખ્યા.' એકએક

મોતીને તોડીતોડીને આખી માળાને ફેંકી દીધી અને પછી જે ત્રાગડા રહ્યા, જે દોરડા રહ્યા એ પણ આંચકો મારીને તોડી નાખ્યા અને ફેંકી દીધા. એ ત્રાગડા એમના માટે લાલચ ન બન્યા, મોહ ન બન્યા. ભલભલા તપેશ્વરીઓ મામૂલી એવા સ્નેહના ત્રાગડામાં, પ્રેમરૂપી મોહના ત્રાગડામાં બંધાઈ જતા હોય છે. પણ હનુમાનદાદા તો એટલા બધા સાવધાન હતા કે એકેય ત્રાગડામાં ફસાયા નહીં, બધા ત્રાગડાને તોડી નાખ્યા.

'રામનાં સઘળાં કામ કર્યાં ને બેસણાં બારણે રાખ્યાં.' તેઓ રામભગવાનના બધાં કાર્યો કરતા રહ્યા પણ એથી એમના મનમાં બિલકુલ અહંકાર ન આવ્યો કે 'હું તો રામનું આટલું કામ કરું છું તો એમની પાસે જ જઈને બેસું.' ઉપરોક્ત અહંકાર તો ન આવ્યો પરંતુ રામની પાસે જ બેસવાની ઈચ્છા પણ એમને ક્યારેય ન થઈ, એ તો બારણે જ બેઠા રહ્યા. 'રાજસભામાં ભડકા ભાળ્યા, ધૂળમાં ધામા નાખ્યા.' તેમની દૃષ્ટિ કેટલી તીવ્ર હતી, કેટલી સૂક્ષ્મ હતી કે રાજ્યનાં જે કાર્યો થતાં અને એના માટે જે રાજસભાઓ થતી એમાં તો એમને ભડકો જ દેખાતો; એમાં એમને શાંતિ નહોતી લાગતી. એટલે રાજસભામાં તો તેમણે કદી હાજરી આપી જ નહીં, એમણે તો ધૂળમાં જ ધામા નાખ્યા. શ્રીરામની જ્યારે રાજસભાઓ ચાલતી હોય ત્યારે તેઓ તો સભાખંડની બહાર શેરીઓમાં જ્યાં ધૂળ હોય ત્યાં જ બેઠેલા હોય. એમને રાજસભામાં જરાય રસ નહોતો. કેમ નહોતો? કારણકે તેમને આરપાર દેખાતું'તું કે આ બધામાં તો ભડકા જ છે અને જો આપણે તેમાં હાજર રહીશું તો એ ભડકા આપણને જરૂર દઝાડવાના.

'અંજનીમાતાની કૂખ ઉજાળી, નિત્ય રખોપાં રાખ્યાં.' અંજનીમાતાની કૂખથી હનુમાનજીનો જન્મ થયો અને અંજનીમાતાને એમણે ધન્ય કરી દીધાં. તેથી જ કહ્યું છે કે "જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર; નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર." હે માતા! જો તારે બાળકને જન્મ આપવો જ હોય તો એવા બાળકને જન્મ આપજે કે જે ભક્ત હોય, કાં શૂર હોય, કાં દાતા હોય; એ સિવાય સામાન્ય મગતરાંઓથી, સામાન્ય જીવોથી તો આખું જગત ભરેલું જ છે; એમાં એકનો વધારો કરીશ નહીં, એમાં એકનો વધારો કરી તારું તેજ હણાવા દઈશ નહીં. જો ભક્ત, દાતા અથવા શૂર બને એવા સંતાનને તું જન્મ ન આપી શકે તો એના કરતાં તો તું વાંઝણી રહેવાનું પસંદ કરજે. સામાન્ય સંતાનને જન્મ આપીને તું તારા નૂરને, પ્રભાવને, તેજને હણાવા દઈશ નહીં, ગુમાવીશ નહીં. તો, અંજનીમાતાની કૂખથી હનુમાનજીએ જન્મ લીધો અને તેઓ સાચા અર્થમાં ભક્ત, દાતા અને શૂર બન્યા; તેઓ સાચા અર્થમાં મહામાનવ બન્યા. જગતમાં એ એવા એક જ જન્મ્યા જેમણે ભગવાનને ઋણી રાખ્યા. આમ, તેમણે અંજનીમાતાની કૂખ ઉજાળી. વળી 'નિત્ય રખોપાં રાખ્યાં'. તેમણે રાત અને દહાડો રામની ચોકી રાખી અને એ ધ્યાન રાખ્યું કે મારા રામને કોઈ હેરાન તો નથી કરતું ને ? મારા રામને કોઈ ત્રાસ આપવાની યોજના તો નથી કરતું ને ? 'ચોકી રામની કદી ન છોડી, ઝાંપે ઉતારા રાખ્યા.' શ્રીરામ સતત સુખશાંતિમય જીવન પસાર કરે તે માટે તેઓ સતત રામની ચોકી કરતા રહ્યા અને પોતાનો ઉતારો ક્યાં રાખ્યો ? રાજદ્વારે નહીં પણ ગામના ઝાંપે; સતત ચોકી તો કરતા રહ્યા પણ પોતાનો ઉતારો તો ગામના ઝાંપે રાખ્યો. કોઈપણ માણસ ગામમાં પ્રવેશે તો ગામના ઝાંપેથી જ પ્રવેશે. એટલે કોઈ પ્રવેશે ત્યારથી જ તેને ઓળખી લે કે આ કેવા પ્રકારનો માણસ છે; અને તે ગામમાં જઈને મારા રામજીને હેરાન તો નથી કરવાનો ને. તેથી જ તેમણે તેમનો ઉતારો રાજમહેલમાં નહીં પણ ગામને ઝાંપે જ રાખ્યો. આમ, રામની એવી સેવા કરી, એવી સેવા કરી અને અંજનીમાતાની કૂખ ઉજાળી. માએ જેવા બાળકને જન્મ આપવો જોઈએ એવા બાળક પોતે સિદ્ધ થયા, સાબિત થયા.

'કાગ કહે બદલો ક્યારે ન માગ્યો પોરસ કદીયે ન ભાખ્યાં. જેણે બદલો લીધો એનાં મોઢાં પડી ગયાં ઝાંખાં.' કવિ કાગે આખા ભજનમાં હનુમાનજીની સાચી ભક્તિનું ખૂબ સુંદર વર્ણન કર્યું છે અને છેલ્લે કહી રહ્યા છે કે હનુમાનજીએ રામ માટે જે કાંઈ કર્યું હતું તેનો બદલો આપો એવી માંગણી ક્યારેય ન કરી. કારણકે જેણે જેણે બદલો માગ્યો છે, પોતે જે કાંઈ કર્યું હોય એનો બદલો લીધો છે એનાં મોઢાં કાયમ માટે ઝાંખાં પડી ગયાં છે, એ તેજવિહોણા થઈ ગયા છે. તો, હનુમાનજીએ તો ક્યારેય બદલો ન માગ્યો અને એવા ને એવા તેજસ્વી રહ્યા. અને તેથી જ કળિયુગમાં મુખ્ય ઉપાસના હનુમાનજીની કરવાની છે. જેણે ક્યારેય બદલો ન માગી રામના ચોપડામાં પોતાનું જમા પાસું બરાબર અકબંધ રાખ્યું. જેની પાસે પુષ્કળ જમા હોય તેની પાસેથી જ કંઈક આશા રાખી શકાય ને? તો, હનુમાનદાદાનું તો પુષ્કળ જમા છે તેથી એમની પાસેથી જ આપણને કંઈક મળે. કળિયુગમાં કોઈનું પાસું જમા નથી,

ફક્ત હનુમાનજીનું પાસું જ જમા છે. એમણે પોતાનું મોઢું ઝાંખું પડવા ન દીધું, રામના ચોપડામાં ભંડાર ભરી દીધા, કદી રામ પાસે ઉઘરાણી ન કરી, કદી કોઈ પાસે પોરસનાં વેણ ભાખ્યાં નહીં; એમ એક પણ રીતે પોતાની જમા મૂડી ખર્ચાવા ન દીધી અને એમની થાપણ રામના ચોપડામાં સતત અકબંધ રહી. હવે એ મૂડી-મુદ્દલ તો ખૂટે જ ક્યાંથી? પણ એનું વ્યાજ જ એટલું બધું થઈ ગયું છે કે હનુમાનજીના ભક્તોને એમાંથી જ મળ્યે જાય, એમાંથી જ મળ્યે જાય. જેનાં મોઢાં બદલો લઈલઈને ઝાંખાં પડી ગયાં છે; જેનું એક ફદિયું પણ, એક પૈસો પણ જમા નથી એની પાસેથી આપણને શું મળવાનું હતું ?! જેની પાસે જમા છે, જેની પાસે દરિયો ભરેલો છે, જે સંપૂર્ણ વીર્યવાન છે તેની પાસેથી આપણને કંઈક પ્રાપ્ત થવાનું છે, એના આશીર્વાદ આપણને ફળવાના છે. તેથી અમે અવારનવાર કહીએ છીએ કે કળિયુગમાં તો એક હનુમાનજી જ જાગતા દેવ છે; હનુમાનજીની ઉપાસના અતિ જરૂરી છે, કળિયુગ તો વિલાસિતાનો યુગ છે અને એમાં ભલભલા વિલાસિતામાં પડી જાય છે, પાંગળા થઈ જાય છે. માટે સૌને કોની પ્રેરણાની જરૂર છે ? હનુમાનજીની પ્રેરણાની જરૂર છે, નૈષ્ઠિક બ્રહ્મચારીની પ્રેરણાની જરૂર છે. જે સંયમના સ્વામી હોય તેમની પાસેથી જ સંયમની પ્રેરણા મળે ને. જે ચોવીસે કલાક અને બારે મહિના અસંયમમાં આળોટતા હોય તે આપણને સંયમની પ્રેરણા શું આપવાના હતા ? તેવાઓની પાસે જવાથી તો આપણો થોડો ઘણો સંયમ હોય એ પણ નબળો પડી જાય છે. તો, કળિયુગમાં તો હનુમાનદાદાની બરાબર ઉપાસના કરીએ. હનુમાનજીને - અંજનીના પુત્રને - સાચી રીતે, સારી રીતે સમજવાનો પ્રયત્ન કરીએ અને એમની જે ગુરુભક્તિ, એમની જે રામભક્તિ, એમનું જે તપોમય જીવન વગેરેમાંથી પ્રેરણા લઈએ.

પરમ કૃપાળુ ઓમ્‌પરમાત્માને પ્રાર્થના કે તેમની કૃપાથી આપણને પણ હનુમાનદાદા જેવી શક્તિ-ભક્તિ પ્રાપ્ત થાય અને આપણે સૌ પણ સંયમના સ્વામી બનીને મનુષ્યજન્મ સાર્થક કરીએ. અસ્તુ.

# મહાશિવરાત્રી મહોત્સવ

## (ઉમરેઠ મુકામે યોજાયેલ કાર્યક્રમનો પ્રેરણાદાયી અહેવાલ)

સંકલન : હંસાબેન પટેલ

ઓમ્‌પરિવાર, વર્ષ દરમ્યાન આવતા ધાર્મિક તહેવારોની ઉજવણી આધ્યાત્મિક કાર્યક્રમ યોજીને આગવી રીતે કરે છે. તા. ૧૪-૨-૯૯ને રવિવારના દિવસે ઉમરેઠ ઓમ્‌પરિવારના ઉપક્રમે મહાશિવરાત્રી મહોત્સવનું આયોજન થયેલું. ઉમરેઠના અમરેશ્વર મહાદેવના પ્રાંગણમાં આ કાર્યક્રમ ઉજવાઈ રહ્યો હતો. કાર્યક્રમના દિવસે સૌ ગુરુભાઈબહેનો આધ્યાત્મિક આનંદ મેળવવા ઉત્સુક હતાં. ઉમરેઠ ઓમ્‌પરિવારના સ્વયંસેવકોએ સભામંડપ સજાવવામાં કંઈ કચાશ રાખી ન હતી. આખો સભાખંડ 'ઓમ્ ગુરુ ઓમ્' મંત્રની ધજાઓથી શણગાર્યો હતો. સ્ટેજ પાસે જે સ્થાપન કર્યું હતું ત્યાં ઓમ્‌નારાયણનો ફોટો, ગાયત્રીમાતાનો ફોટો અને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનો ફોટો ગોઠવેલો. સ્થાપન પાછળની આખી દીવાલ પર ફૂલો લગાવીને સુશોભન કરેલું હતું. તેમાં વચ્ચે વચ્ચે ઓમ્‌ભગવાનના ફોટા પણ લગાવેલા. ચારે બાજુની દીવાલો ઉપર પૂજ્યશ્રી દ્વારા લખાયેલાં આધ્યાત્મિક સૂત્રોના બેનરો લગાવ્યા હતા. આમ, સભામંડપમાં આધ્યાત્મિકતાની સુવાસ પ્રસરેલી હતી અને વાતાવરણ દિવ્ય-અલૌકિક હતું. અસ્તુ.

મહાશિવરાત્રી મહોત્સવના કાર્યક્રમની શરૂઆત સવારે આઠ વાગ્યે થઈ. ઉપસ્થિત ગુરુભાઈબહેનોએ 'ઓમ્ નમઃ શિવાય ઓમ્' મંત્રનો વાચિક જપયજ્ઞ શરૂ કર્યો. આધ્યાત્મિક જિજ્ઞાસુઓ અને ગુરુભાઈ-બહેનોથી ખીચોખીચ ભરેલો સભામંડપ શિવમંત્રના ગાનથી ગુંજી ઊઠ્યો. સભામંડપની બહાર પણ આ આધ્યાત્મિક ધ્વનિનાં મોજાંઓ પ્રસરી રહ્યાં. સભામંડપમાં ઉપસ્થિત સૌ મંત્રગાનમાં ધ્યાનમગ્ન થઈ ગયા અને તાલબદ્ધ બોલાતા મંત્રોના કારણે અનાયાસે જ પ્રાણાયામનો લાભ મેળવતા રહ્યા. આમ, લગભગ દોઢ કલાક સુધી જપયજ્ઞ ચાલતો રહ્યો. ત્યારબાદ દૂધ અને નાસ્તાની પ્રસાદી લઈ બધા ફરી પાછા સભામંડપમાં ગોઠવાઈ ગયા.

પૂજ્યશ્રીની નાદુરસ્ત તબિયતને કારણે તેઓ સ્થૂળ દેહે ઉપસ્થિત નહોતા. ડૉ. સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીની ઉપસ્થિતિમાં

કાર્યક્રમ આગળ વધ્યો. ડૉક્ટરભિક્ષુએ શ્રી પંકજભાઈને કાર્યક્રમની જવાબદારી સોંપેલી તેથી પંકજભાઈએ માઈક સંભાળી લીધું અને સભાને સંબોધતાં કહ્યું કે -

''પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ આપણને એક સૂત્ર આપ્યું છે - 'ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીએ; જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ.' આપણે સૌએ આજના પરમ પવિત્ર દિવસે આ મહોત્સવમાં હાજર રહીને શું કરવાનું છે? ભૌતિકતાને ભગાડવાની છે અને આત્મિકતાને-આધ્યાત્મિકતાને આરાધવાની છે. જો આધ્યાત્મિકતાનો અભ્યાસ કરતાં કરતાં તે દૃઢ થઈ જશે તો જીવમાત્રમાં શિવની અનુભૂતિ થશે અને તો અનાયાસે જ દરેક જીવ તરફ માન-સન્માનની લાગણી પ્રગટ થશે, જેના ફળસ્વરૂપ દુર્લભ એવી શાંતિની પ્રાપ્તિ સહજમાં થશે.

''તો, આવાં અનેક આધ્યાત્મિક સૂત્રો આપનાર, તાત્ત્વિક-આધ્યાત્મિક સાહિત્યનું પ્રદાન કરનાર, સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમોમાં જીવનોપયોગી અનેક વાતોને કહેનાર પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી તેઓની નરમ તબિયતને કારણે આજના આ કાર્યક્રમમાં સદેહે હાજર નથી. પરંતુ આપણા સૌ ઉપર કરુણા કરનાર તેઓશ્રી સૂક્ષ્મ સ્વરૂપે આપણી સાથે જ છે; અહીં આ ખુરશીરૂપી આસન ઉપર બિરાજેલા જ છે. આપ સૌ ધ્યાનમગ્ન થશો તો આપને પૂજ્યશ્રીની સૂક્ષ્મ ઉપસ્થિતિની અનુભૂતિ થશે જ, તેઓશ્રીની સૂક્ષ્મ હાજરી વર્તાશે જ. તો, આજના આ કાર્યક્રમમાં આપણે સૌ અંતઃકરણપૂર્વક ભાગ લઈએ, અહીં ચાલતા કાર્યક્રમમાં તન્મય થઈ જઈએ; ઘર, નોકરી, ધંધા જેવી ભૌતિક વાતોને ભૂલી જઈને આધ્યાત્મિકતાનું આરાધન કરીએ. આમ કરીશું તો જ આજના પરમ પવિત્ર દિવસે યોજાયેલ કાર્યક્રમનો સંપૂર્ણ લાભ લઈ શકીશું. અસ્તુ.''

કાર્યક્રમ આગળ વધ્યો. શાંતિપાઠ, પ્રણવ-મહિમા, પ્રણવ-અષ્ટક, ગુરુઅષ્ટક, ગુરુમહિમા વગેરેનું ગાન થયું. ત્યારબાદ ગુરુભાઈઓ શ્રી ગોપાલભાઈ, શ્રી કમલેશભાઈ, શ્રી તુષારભાઈ તથા શ્રી ભાવસારભાઈએ સદ્ગુરુની આરતી ઉતારી. હવે વીસેક મિનિટ સુધી આદ્યગુરુ-અભિષેક-મંત્રનો જાપ કરવાનો હતો. તેના વિષે માહિતી આપતાં શ્રી પંકજભાઈએ કહ્યું કે -

''ગયા વર્ષે પૂજ્યશ્રીએ ઓમ્‌પરિવારને ''આદ્યગુરુ અભિષેક મંત્રની''ની ભેટ-પ્રસાદી આપી. તે મંત્ર આ મુજબ છે -

**પ્રણવ પ્રભુજી ઓમ્, પૂજું ચરણો તમારા;**
**આદ્યગુરુજી ઓમ્, અર્ઘ્ય સ્વીકારો અમારા;**
**ઓમ્ સમર્પયામિ.**

ગયા વર્ષની ગુરુપૂર્ણિમાના દિવસે મહોત્સવમાં ઉપસ્થિત ગુરુભાઈબહેનોને પૂજ્યશ્રીએ આગ્રહપૂર્વક વિનંતી કરીને કહ્યું કે અભિષેક મંત્રના જાપ ચાલુ વર્ષમાં વધુમાં વધુ કરો અને તે દ્વારા આદ્યગુરુને વાચિક-માનસિક-શારીરિક અર્ઘ્ય આપો. પૂજ્યશ્રીના આ આદેશ બાદ સ્વાધ્યાય-કેન્દ્રોમાં તથા અનેક ગુરુભાઈબહેનોના ઘેર નિયમિતપણે આ મંત્ર દ્વારા વાચિક-માનસિક અર્ઘ્ય અપાઈ રહ્યાં છે. કેટલાક જાહેર કાર્યક્રમોમાં યોગ્ય વ્યવસ્થા કરી વાચિક-શારીરિક અર્ઘ્ય પણ અપાય છે. તો, આજના મહાશિવરાત્રી મહોત્સવમાં આપણે આદ્યગુરુ ઓમ્‌પરમાત્માને પૂજ્યશ્રીએ રચેલા અભિષેક-મંત્રથી વાચિક-માનસિક અર્ઘ્ય આપીશું. એક યોગી-સંત દ્વારા પ્રાણવાન થયેલ મંત્રનો પૂરો લાભ લેવા આપણે તાલબદ્ધ રીતે આ મંત્ર બોલીશું અને જ્યારે ''ઓમ્ સમર્પયામિ'' એ લીટી બોલીએ ત્યારે બંને હાથ જોડી અને અર્ઘ્ય સમર્પણ કરવાની મુદ્રા રાખીને માનસિક રીતે અર્ઘ્ય આપીશું. મંત્ર બોલાતો હોય ત્યારે આપણા બે હાથથી તાલી પડતી જતી હોય, મંત્રની છેલ્લી લીટી બોલાતી હોય ત્યારે પૂર્ણ ભક્તિભાવથી આદ્યગુરુને નમસ્કાર કરીને અર્ઘ્ય સમર્પિત કરવાની મુદ્રા થતી હોય; આમ, મંત્રની એક પછી એક આવૃત્તિ થયે જતી હોય. આ પ્રક્રિયામાં સતત ક્રિયાત્મક ધ્યાન થતું રહે છે. આમ, આદ્યગુરુ અભિષેક મંત્રના જપની સાથે સાધકને અનાયાસે જ ક્રિયાત્મક ધ્યાનનો લાભ પણ મળી જાય છે. તો, ગુરુસંતો આપણને આ રીતે આધ્યાત્મિક માર્ગમાં આગળ ધપાવતા રહે છે. તેઓ એ વાતનું પણ ધ્યાન રાખે છે કે કયો સાધક કઈ અવસ્થાએ છે અને એ મુજબ દરેક સાધકને સાધન આપે છે. અસ્તુ.''

શ્રી પંકજભાઈએ આપેલ સમજણ બાદ ભાવિક ભક્તોએ ભક્તિભાવમય થઈ આદ્યગુરુ અભિષેક મંત્રના જપ સાથે વાચિક-માનસિક અર્ઘ્ય આપ્યા. આ કાર્યક્રમ લગભગ અડધો કલાક ચાલ્યો. ત્યારબાદ સૌએ પાંચેક મિનિટ માટે ધ્યાનનો અભ્યાસ કર્યો.

કાર્યક્રમનો હવે પછીનો અહેવાલ રજૂ કરું તે પહેલાં ''શિવરાત્રી અને શિવાલય'' નામનો એક તાત્ત્વિક લેખ કે જે ''પ્રેરણાસિંધુ'' નામના પુસ્તકમાંથી સાભાર લીધેલ છે તે અત્રે

પ્રગટ કરવાની લાલસાને હું રોકી શકતી નથી. આપ સૌને જણાવી દઉં કે થોડાં વર્ષો પહેલાં 'ગુજરાત સમાચાર' દૈનિકની અભિવ્યક્તિ પૂર્તિમાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની એક કોલમ રજૂ થતી હતી; જેનું નામ હતું ''પ્રેરણાબિંદુ''. આ કોલમના બહોળા વાચક-વર્ગમાંના અનેક જિજ્ઞાસુઓએ, મોક્ષાર્થીઓએ, તત્ત્વવેત્તાઓએ અને મૌલિકતાને અગ્રતાક્રમ આપનારાઓએ તેમાં લેખરૂપે રજૂ થતી પૂજ્યશ્રીની સ્વયંભૂ સ્ફુરણાઓને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરવા આગ્રહભરી વિનંતી કરી હતી. આ પ્રેમસભર વિનંતીને આજ્ઞા સમજી ઓમગુરુ પ્રેમસમર્પણધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટે સન ૧૯૯૧માં 'પ્રેરણાસિંધુ' નામે પુસ્તક પ્રગટ કર્યું અને સન ૧૯૯૭માં આ પુસ્તકની બીજી આવૃત્તિ પ્રગટ કરી. આ પુસ્તકમાં પ્રગટ થયેલ લેખો તહેવારો વિષેની મૌલિક સમજ રજૂ કરે છે. તો, શિવરાત્રી વિષેનો લેખ તે પુસ્તકમાંથી રજૂ કરું છું, જે 'ૠતમ્ભરા' સામયિકના વાચકોને શિવરાત્રી અને શિવાલય વિષેની મૌલિક સમજ આપશે. અસ્તુ.

## શિવરાત્રી અને શિવાલય
### (એક દિવ્ય રહસ્ય)

આપણાં બધાં ધાર્મિક પર્વો દિવસનાં હોય છે પરંતુ શિવરાત્રી, નવરાત્રી વગેરે રાત્રી-પર્વો છે. નવરાત્રી શક્તિ-ઉપાસનાનું, શક્તિને પ્રાપ્ત કરવાનું સામૂહિક દેશવ્યાપી પર્વ છે. તે નવે રાત્રીઓમાં યોગશાસ્ત્ર કથિત, શરીરસ્થ નવ ચક્રો સ્થિત, તેની અધિષ્ઠાત્રી દેવીનું-શક્તિનું ઉદ્દીપન-માર્જન કરવાનું હોય છે કે જેથી શરીરદુર્ગનું આવતી નવરાત્રી સુધી સંપૂર્ણ અને સુચારુ રીતે યોગક્ષેમ ચાલ્યા કરે. તેમ શિવરાત્રીમાં કલ્યાણની ઉપાસના કરવાની હોય છે. શિવનો અર્થ જ થાય છે ''કલ્યાણ''. અન્ય રાત્રીઓ તો નાટક, સિનેમા, ગપસપ, નિદ્રા-ભોગ વગેરેમાં પસાર કરી નાખીએ છીએ. પરંતુ શિવરાત્રી તો કલ્યાણ-યોગમાં, કલ્યાણ-પ્રાપ્તિનાં ચિંતન-મનનમાં પસાર કરવાની છે.

જીવમાત્રની ઉપાસના મુખ્યતઃ બે ભાગમાં વહેંચી શકાય; (૧) શિવ-ઉપાસના અને (૨) શક્તિ-ઉપાસના. કોઈ તો ભિન્ન ભિન્ન નામે બળ-તાકાત(શક્તિ)ને ઇચ્છે છે, તો કોઈ જુદી જુદી રીતે કલ્યાણ (શિવ) પ્રાપ્ત કરવા મથે છે. કલ્યાણનો ઉપાસક ક્રમે ક્રમે અનાયાસે જ શક્તિ પ્રાપ્ત કરી લે છે અને શક્તિનો ઉપાસક ક્રમે ક્રમે કલ્યાણ-માર્ગમાં આગળ વધતો જાય છે. આ રીતે જોતાં શિવ અને શક્તિ, શક્તિ અને શિવ બંને એક જ તત્ત્વની, એક જ પ્રાપ્તિની બે બાજુઓ - બે નામો છે.

શક્તિ એટલે ક્રિયાશક્તિ અને શિવ એટલે કલ્યાણકારી આત્મ-પરમાત્મ-સર્વવ્યાપક ચૈતન્ય તત્ત્વ. સ્થૂળ-સૂક્ષ્મ, લૌકિક-અલૌકિક ક્રિયાઓની સહાયતા લઈને શિવતત્ત્વ પ્રાપ્ત કરીને નિષ્ક્રિય, સ્થિર, અચંચળ થઈ જવાનું છે.

શિવ ભોળા છે. શક્તિ ચંચળ છે. શિવ સ્થિર છે કેમ કે તેઓ શક્તિશાળી છે. શક્તિ ચંચળ છે કેમ કે તે અશક્તિશાળી છે. સ્થિરત્વ શિવત્વનું દ્યોતક છે અને લોલત્વ બલાભાવનું સૂચક છે. દરેકે દરેક શરીરમાં શિવ અને શક્તિ બંને રહેલાં છે. શક્તિબીજ રજ છે અને શિવબીજ વીર્ય છે. દરેક શરીરમાં રજ અને વીર્ય બંને રહેલાં છે. એક શરીરમાં રહેલાં જે રજ અને વીર્ય તે બંનેનું તે જ શરીરમાં સંમિલન થવું તે જ વજ્રોલી મુદ્રાની સિદ્ધિ અથવા તેનું રહસ્ય છે.

બીજાં મંદિરોમાં તો મૂર્તિઓ હોય છે પણ શિવમંદિરમાં-કલ્યાણમંદિરમાં કોઈ મૂર્તિ હોતી નથી. તેમાં તો કલ્યાણતત્ત્વના પ્રતીકરૂપે લિંગાકૃતિ હોય છે. લંબગોળ આકૃતિ દ્વારા તેના અસીમપણાને, અમર્યાદપણાને બતાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લંબગોળ કે ગોળ આકૃતિની ફરતે આંગળી ફેરવીશું તો આંગળી ક્યાંય અટકશે નહીં. તે તેના અસીમપણાનું સૂચક છે.

લિંગાકૃતિ નિર્-અવયવ છે તેથી તે લિંગ શરીરનું પણ પ્રતીક છે. તેના ઉપર સર્પાકૃતિ લપેટાયેલી છે તે યોગશાસ્ત્રનું ગુહ્ય રહસ્ય છે. સર્પાકૃતિથી લિંગને ત્રણ કુંડલ (લપેટ) લગાવ્યાં છે અને ફેણનો જે ભાગ લિંગને છાયા કરી રહ્યો છે તે અર્ધું કુંડલ, અર્ધો આંટો ખૂલેલો છે. આ રીતે જોતાં સર્પાકૃતિ સહિતનું લિંગ તે જાગૃત કુંડલિનીનું પ્રતીક છે. કુંડલિની શક્તિ એટલે સુપ્ત શક્તિ; એટલે કે જે શક્તિથી આપણે કામ નથી લઈ શક્યા, જે અનામત રૂપે પડેલી છે. કુંડલિની શક્તિને 'સાર્ધત્રિવલયામ્' એટલે કે સાડાત્રણ આંટા(કુંડલ)વાળી માનવામાં આવે છે. સર્પાકૃતિ સહિતનું લિંગ તે જાગૃત કુંડલિની કે જેનો અર્ધો આંટો ખૂલી ગયો છે અને ત્રણ આંટા હજુ ખૂલવાના બાકી છે તેનું પ્રતીક છે. જ્યારે કુંડલિનીનું પૂર્ણ જાગરણ થઈ જાય છે ત્યારે લિંગ ઉપર એક પણ આંટો બાકી રહેતો નથી. કપાળમાં ભસ્મની જે ત્રણ રેખાઓ કરવામાં આવે છે તે પણ કુંડલિનીનું સૂચક છે. કોઈપણ લંબગોળ વસ્તુ ઉપર જાડા દોરડાના ત્રણ આંટા લગાવીએ અને તેને દૂરથી જોઈએ તો તે કપાળમાં કરાતી ભસ્મની ત્રણ રેખાઓ જેવા જ દેખાય છે.

સર્પાકૃતિ લિંગ ઉપર જળાધારી (ગળતી) લટકાવેલી હોય છે કે જેમાંથી ટીપું ટીપું પાણી લિંગ ઉપર પડ્યા કરે છે. તે બતાવે છે કે લિંગને, જનન-અવયવોને સતત મંદ-શીતળ રાખવા જોઈએ. તેમાં ઉષ્ણતા ન આવવી જોઈએ, ગંદકી ન રહેવી જોઈએ. શિવને-કલ્યાણને પ્રાપ્ત કરવામાં તે અંગોની શીતળતાની અતિ આવશ્યકતા છે.

જે જમાનામાં ઘડિયાળો નહોતી ત્યારે જળાધારી ઘડિયાળની ગરજ સારતી. સવારમાં ચડાવેલી પાણી ભરેલી જળાધારી સાંજે નિશ્ચિત સમયે ખાલી થઈ જાય એટલે પૂજારી સમજે કે સંધ્યા સમય થઈ ગયો, આરતીની વેળા થઈ ગઈ. એ વખતે મંદિરમાં અનેક પ્રકારના કર્ણમધુર ધ્વનિઓ સાથે આરતીની શરૂઆત થાય, જે આજુબાજુમાં બધે જ સંભળાય, જેથી ગામલોકોને પણ ખબર પડે કે સાંજ પડી ગઈ. આ રીતે જળાધારી સમયનો અંદાજ આપીને ઘડિયાળનું કામ પણ સારતી. આરતી વખતે થતા ધ્વનિઓ નાદાનુસંધાનનું પ્રતીક છે; સાધનાકાળમાં સાક્ષાત્કાર પૂર્વે શરીરમંદિરમાં જે ધ્વનિ, પ્રકાશ વગેરેની દિવ્ય અદ્‌ભુત અનુભૂતિઓ થાય છે તેનું બાહ્ય સ્થૂળ પ્રતીક તે મંદિરોમાં થતી આરતી છે.

શિવને મહાદેવ પણ કહે છે. બીજા દેવ અને શિવ તે મહાદેવ અર્થાત્ મોટા દેવ. શાના કારણે તેઓ મોટા દેવ? કારણકે તેઓ નીલકંઠ છે. અન્યોને અમૃત આપીને વિશ્વનું હળાહળ ઝેર પોતે પી ગયા ! તેમણે જે ઝેર પીધું તે પેટમાં ન ઊતરવા દીધું, કંઠમાં જ રોકી રાખ્યું. તેથી કંઠ નીલવર્ણ થઈ ગયો. તેમના કંઠ ઉપર નીલા-વાદળી ડાઘનું દૂષણ લાગી ગયું. પણ તે જ તેમના માટે ભૂષણ બની ગયું! કારણકે તે ડાઘ તો તેમને લોકકલ્યાણ કરવાના પ્રયત્નમાં લાગેલો હતો ને ? શ્રી કૃષ્ણ લડાઈમાંથી રણ છોડીછોડીને ઘણી વખત ભાગ્યા તે તેમના માટે દૂષણ હતું પણ તે લડાઈ જનકલ્યાણ માટે હતી તેથી તે ''રણછોડ''રૂપી ભૂષણ બની ગયું.

ઝેરને પેટમાં ન ઊતરવા દેવું જોઈએ. જો પેટમાં ઊતરે તો મરી જવાય. ઝેરને મોઢામાં પણ ન રખાય. જો મોઢામાં રાખીએ તો ક્યારેક પણ બહાર નીકળી પડે. તેથી સદાશિવે ઝેરને કંઠમાં જ થંભાવી દીધું.

જનકલ્યાણના ભેખધારીઓએ લોકોની ટીકાટિપ્પણી કે નિંદા-કૂથલીથી વિચલિત થઈને પોતાનું ક્ષેત્ર છોડી ન દેવાય. છોડી દઈએ તો તેનું નામ જ ''ઝેર પેટમાં ઊતરી ગયું'' કહેવાય. લોકોની નિંદા-પ્રશંસાના જવાબો આપવાની પણ જરૂરત નહીં. જો આપીએ તો તેનું નામ જ ઝેર મોઢામાંથી બહાર ફેંકાઈ ગયું કહેવાય. બધાં જ ઝેરને પોતાના કંઠમાં રોકી રાખીને પોતાના કાર્યક્ષેત્રમાં જ મગ્ન-મસ્ત રહેવું જોઈએ.

શિવે તો આખા વિશ્વનું ઝેર પીધું તો શિવભક્તો પોતાની આસપાસનું ઝેર કેમ ન પીવે ? તો જ સાચા શિવભક્ત કહેવાઈએ. ભાંગ, ધતૂરો કે ગાંજો પીવો એ કંઈ મોટી વાત નથી. ખરું ઝેર પીધું તો તે કહેવાય કે ''બહુજનહિતાય-બહુજનસુખાય''ના પ્રયત્નોમાં જે કાંઈ સહન કરવું પડે તે આનંદપૂર્વક તપ સમજીને સહન કરીએ.

શિવરાત્રીએ ભાંગની પ્રસાદી વહેંચાય છે. શિવે ત્રીજા નેત્ર દ્વારા કામને ભાંગી નાખ્યો હતો. જેનાજેનાથી ખટવિકારો, ભ્રમો, વહેમો, પ્રમાદ, ભય વગેરે ભાગે-ભાંગે તેનું નામ ''ભાંગ''. તેનું 'ભાંગ' નામ જ કેટલું બોધક છે! ભાંગ=ભાંગી નાખ, ભાગ=નશીલી ચીજોથી દૂર ભાગ.

દયાનંદ સરસ્વતી ભાંગની પ્રસાદી લઈને તન્દ્રામાં આવી ગયા. તન્દ્રામાં સ્વપ્નમાં પોતે શિવ-પાર્વતીને જુએ છે.પાર્વતીજી દયાનંદ તરફ લાંબો હાથ કરીને શિવને કહે છે કે આ તમારા દીકરાને પરાણાવો. શિવજી જવાબ આપે છે કે શું પરાણાવું? તમે જોતાં નથી તે ભાંગ પીને બેઠો છે તે? એટલામાં તો દયાનંદજી જાગી જાય છે અને સંકલ્પ કરે છે કે ભગવાનનો પ્રસાદ હશે તોપણ હવે પછી કદી નશીલી ચીજ નહીં લઉં. તેજાણને ટકોર અને ગધેડાને ડફણાં !

શિવાલયની રચનામાં યોગનાં આઠે અંગોને આવરી લેવામાં આવ્યાં છે. શિવાલયમાં પ્રવેશતાં જ બંને બાજુએ જે હનુમાનજી તથા ગણપતિજીની મૂર્તિઓ હોય છે તે યમ-નિયમનું પ્રતીક છે, ત્યાંથી આગળ વધીએ એટલે નંદિ (પોઠિયો) આવે છે, જે આસન-પ્રાણાયામનું પ્રતીક છે. તેથી આગળ કાચબો હોય છે તે ઇન્દ્રિય સંકોચરૂપી પ્રત્યાહારનું સૂચક છે. યોન્યાકાર થાળું કે જેમાં લિંગ સ્થિત-સ્થિર છે તે અને લિંગ ધારણા-ધ્યાનનું સૂચક છે; લિંગ ઉપરની સર્પાકૃતિ તે કુંડલિની જાગૃત થઈને પ્રાણ બ્રહ્મરંધ્રમાં પહોંચાડીને થતી સમાધિનો સંકેત છે.

શિવરાત્રી અને શિવાલયનાં આવાં તો અનંત ગુપ્ત-ગૂઢ-ગુહ્ય રહસ્યો છે, જે બધાંને પ્રગટ કરવા જઈએ તો એક ગ્રંથ થાય. આટલાથી આપણે શિવરાત્રીનો તાત્ત્વિક અર્થ સમજ્યા કે શિવરાત્રી એટલે મહાદેવ પ્રાપ્ત કરવાની રાત્રી, કલ્યાણ પ્રાપ્ત

કરવાની રાત્રી.

શિવભગવાનની કૃપાથી આપણે સૌ સાચા અર્થમાં શિવરાત્રી-મહાશિવરાત્રી ઊજવીને મહાકલ્યાણ એટલે કે આત્યંતિક સુખ, એટલે કે જે સુખની પ્રતિક્રિયા દુઃખ નથી એવું સુખ, એટલે કે મુક્તિ-કૈવલ્યને પ્રાપ્ત કરીએ; કેમ કે બીજાં બધાં જ ભૌતિક સુખો દુઃખની પ્રતિક્રિયાવાળાં છે; જેમકે - પરિણામ તાપ સંસ્કાર દઃખૈર્ગુણવૃત્તિ વિરોધાચ્ચ દુઃખમેવ સર્વમ્ વિવેકીનઃ. ઈતિશિવમ્ઃ

## ઝેરને કંઠમાં જ રોકી રાખવું જોઈએ

મહાદેવ એટલે મોટા દેવ. બીજા કોઈ દેવ માટે 'મહાદેવ' શબ્દ નથી વપરાતો; ફક્ત શિવ માટે જ મહાદેવ શબ્દ વપરાય છે. જે દેવ વિશ્વકલ્યાણ માટે મહાન કાર્ય કરે, મહાભોગ આપે તેને વિશ્વ, મહાદેવ કહીને નવાજે છે.

દેવ-દાનવોએ કરેલા સમુદ્રમંથન પ્રસંગે ચૌદ રત્નો નીકળ્યાં હતાં, તેમાં અમૃત અને હળાહળ ઝેર પણ હતાં. અમૃત પીવા સૌ તૈયાર થઈ ગયા પણ ઝેરથી સૌ દૂર ભાગ્યા. ત્યારે એક મોટો પ્રશ્ન ઊભો થયો કે આ ઝેરનો નિકાલ કઈ રીતે કરવો ? જો તેનો નિકાલ ન કરાય તો તેથી વિશ્વનો નાશ થઈ જાય. તે વખતે શિવ-કલ્યાણ જેમનું નામ છે તેઓ તે હળાહળ ઝેરને પી ગયા અને નીલકંઠ બની ગયા.

શિવે ઝેર પીધું તો ખરું પરંતુ ઝેર પેટમાં ઊતરવા ન દીધું, કે ન તો રાખ્યું મુખમાં; બધું ઝેર કંઠમાં થંભાવી દીધું. તેથી તે મહામારક ઝેરની અસર કંઠ ઉપર થઈ અને કંઠ નીલવર્ણ થઈ ગયો. અને તે કારણે શિવભક્તોએ શિવને "નીલકંઠ" કહીને નવાજ્યા.

ઝેરને કંઠમાં થંભાવી દેવું એટલે શું ? તેનું રહસ્ય સમજવું ખૂબ ઉપયોગી છે. જો ઝેર પેટમાં ઊતરે તો પોતે મરી જવાય અને જો ઝેર મુખમાં જ રહે તો ગમે ત્યારે તે બહાર નીકળી પડે અને બીજાને મારે.

કોઈ આપણને બે અપશબ્દો કહે અથવા આપણી સાથે અણગમતું વર્તન કરે ત્યારે આપણે તુરત જ અથવા થોડા સમય પછી તેનો તેવો જ પ્રતિભાવ આપીએ છીએ; એ કહેવાય ઝેર મુખમાં રાખ્યું જે તુરત જ અથવા થોડા સમય પછી બહાર નીકળી ગયું. ઝેર પેટમાં રાખ્યું-ઊતાર્યું તે કહેવાય કે મનમાં બરાબર ગાંઠો વાળીએ, બદલો લેવાની ભાવના રાખીએ; ક્યારે મોકો મળે અને બદલો લઉં, બતાડી દઉં. આવી 'બતાડી દેવાની' ભાવના પણ, જેનામાં રહેલી હોય તેને ખૂબ નુકસાન કરે છે.

ઝેરને-દ્વેષને જો કંઠમાં જ રોકી દેવાય તો મરી પણ ન જઈએ અને એ ઝેર બહાર નીકળીને અન્યને પણ નુકસાન ન કરી શકે. બદલાની ભાવના પણ નહીં અને તું-તું મેં-મેં કરીને લડવાનું પણ નહીં, પરંતુ ક્ષમા-બુદ્ધિ રાખવાની.

આવી રીતે 'નીલકંઠ' શબ્દમાંથી પ્રેરણા લઈને જો "મહા" બનવાનો પ્રયત્ન કરીએ તો નીલકંઠના અને મહાદેવના સાચા ભક્ત કહેવાઈએ. પરંતુ આપણે તો કેવળ શ્રાવણ માસમાં પિંડી ઉપર એક લોટો પાણી ચડાવીને, કે બહુ બહુ તો શિવરાત્રીએ ખૂબ ભાંગ પીને વિવેકભ્રષ્ટ થવામાં જ ગૌરવ અનુભવતા હોઈએ છીએ!

શિવ-મહાદેવ પાસેથી કેવળ ભાંગ-ધતૂરો જ પીવાની પ્રેરણા લેવાની નથી પરંતુ સ્વ-પર-કલ્યાણ માટે સાચી સમજણપૂર્વક જે કાંઈ ત્યાગ-બલિદાન આપવા પડે તે આપવા માટે હર ક્ષણે તત્પર રહેવાની પ્રેરણા પ્રાપ્ત કરવાની છે.

શિવરાત્રી એ ભાંગ ઘૂંટીને નશાનંદમાં ઝૂમવાનું પર્વ નથી, પરંતુ સાચી સમજણને ઘૂંટીને દિવ્યાનંદ, આત્માનંદ પ્રાપ્ત કરવાનું પર્વ છે. શિવરાત્રીની રાત્રી તો કલ્યાણરાત્રી સાબિત થવી જોઈએ. બીજી બધી સામાન્ય રાત્રીઓની જેમ તે નિદ્રારાત્રી કે વાસનારાત્રી ન બનતાં શિવની રાત્રી અર્થાત્ કલ્યાણરાત્રી, સંયમરાત્રી, જાગૃતિરાત્રી બનવી જોઈએ.

કોઈપણ સ્થૂળ પદાર્થનો નશો લાંબો સમય ટકતો નથી. ફક્ત સાચી સમજણનો, પ્રભુનામનો નશો જ કાયમ ટકે છે. આ સત્યને ગુરુ નાનકદેવે આ રીતે રજૂ કર્યું છે -

**ભાંગ, ધતૂરા, ગાંજનશા; ઉતર જાત પલ-છિન;**
**નામ રસાયન નાનકા, ચડી રહે રૈન-દિન.**

શિવરાત્રીના દિવસે ભાંગ આદિના નશામાં ચૂર થઈને અર્ધબેભાન અવસ્થામાં દિવસ વ્યતીત કરવાથી શિવ-નીલકંઠ રાજી ન થાય, પરંતુ જેણે સમાજ માટે ત્યાગ-બલિદાન આપ્યાં હોય તેમની કથા શિવરાત્રીએ કરીએ-કરાવીએ તો તેઓ રાજી થાય.

મહાદેવે તો ઝેરી એવા સાપ, વીંછી, કાનખજૂરા જેવા જીવોને પણ પોતાના શરીરનાં ઘરેણાં બનાવીને ધારણ કર્યા છે, જ્યારે આપણે તેમના કહેવાતા ભક્તો આપણા ઘરમાં રહેતા બિનઝેરી ઉંદર, વંદા જેવા જીવોનો પણ ઘાણ કાઢી નાખીએ છીએ !

ભાંગ-ધતૂરો આદિ નશીલાં નુકસાનકારક દ્રવ્યો ખાવાપીવાથી બુદ્ધિની તીવ્રતાનો-સૂક્ષ્મતાનો નાશ થઈ જાય છે, તેથી ખરેખર કયું ઝેર ખાવાનું છે - પીવાનું છે તેનું રહસ્ય પલ્લે પડતું નથી.

પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી છૂટવા નશો કરીને થોડો સમય ક્યાંક બેભાન અવસ્થામાં પડ્યા રહીશું, પરંતુ નશો ઊતરતાં જ પેલી પરિસ્થિતિઓ ડાકલાં વગાડતી ડાકણની જેમ મોં ફાડીને ખાઉં-ખાઉં કરતી સામે આવીને નાચવાની જ છે. તેને દૂર કરવા માટે તો પ્રાર્થના, પુરુષાર્થ અને ધૈર્યપૂર્વકની સાચી સમજણ જ કામ લાગવાની છે.

નીલકંઠ-મહાદેવને પ્રાર્થના કરીએ કે તેમના ત્રીજા નેત્રના પ્રકાશથી આપણું ત્રીજું જ્ઞાનનેત્ર સક્રિય બનાવે.

જો વેર-ઝેરના વિષને પચાવી દેવાની વિદ્યા બચપણથી જ ભણાવવામાં આવે તો પૃથ્વી ઉપર જ સ્વર્ગ ઊતરે. વેર-ઝેર વિનાની દુનિયાની કલ્પના જ કેટલી રોમાંચકારી લાગે છે! જેવું ચિંતન-મનન કરીશું તેવું ક્યારેક જરૂર પામીશું.

**જો સમાજ કરેગા ચિન્તન જૈસા,**
**વહ સમાજ હોગા-બનેગા વૈસા.**
**ચિન્તન કરેગા જો જૈસા, આચરણ કરેગા વહ વૈસા;**
**આચરણ કરેગા જો જૈસા, સુખદુઃખ ભોગેગા વહ વૈસા.**

ઉપરોક્ત લેખમાંની તાત્ત્વિક વાતો વાંચીને શિવરાત્રી અને શિવાલય વિષેની જિજ્ઞાસુઓની સમજણમાં અનેક ઘણો વધારો થયો હશે તેવી મને શ્રદ્ધા છે. હવે કાર્યક્રમનો અહેવાલ આગળ વધારું.

આદ્યગુરુ અભિષેક મંત્ર અને ધ્યાન બાદ પંકજભાઈએ કાર્યક્રમને આગળ વધાર્યો. મહાશિવરાત્રી મહોત્સવની આમંત્રણ પત્રિકામાં પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીએ 'જીવન-પાથેય' અને 'જીવન-સૂત્રો' શીર્ષક હેઠળ કેટલાંક સૂત્રો રજૂ કરેલાં. તે દરેક સૂત્રની છેલ્લી લીટીઓ વિષે પંકજભાઈ થોડું બોલ્યા. ત્યાર બાદ ડૉ. સદ્ગુરુસમર્પણભિક્ષુજીએ પ્રવચન કર્યું. પ્રવચન બાદ ઉમરેઠ ઓમ્‌પરિવારના શ્રી તુષારભાઈએ થોડાં ભજનો રજૂ કર્યાં. છેલ્લું ભજન હતું - ''જગતમાં એક જ જન્મ્યો રે, જેણે રામને ઋણી રાખ્યા.'' આ ભજનમાં ભજનિકે શ્રી હનુમાનજીની ગુરુસેવા-પ્રભુસેવા વિષેની વાતો સુંદર દાખલા-દલીલ સાથે રજૂ કરી છે. ભજન અંગે પ્રાસંગિક બોલતાં પંકજભાઈએ કહ્યું કે -

''આપણે પણ નિઃસ્વાર્થ ભાવે, કોઈ પણ ભૌતિક ચીજની આશા રાખ્યા વિના પ્રભુસેવા-ગુરુસેવા કરીએ તો રામને જેમ હનુમાનજી અતિ પ્રિય હતા તેમ આપણે પણ આપણા ગુરુદેવને પ્રિય થઈએ. પણ શું આ શક્ય છે? હર પળ અને હર ક્ષણ કંઈક ને કંઈક ભૌતિક ચીજવસ્તુઓ મેળવવાની આશાએ જ ગુરુદર્શન કરવા જનાર આપણે આપણા ગુરુદેવને ક્યાંથી ઋણી રાખી શકવાના. ગુરુદેવ તરફ પૂર્ણ શ્રદ્ધા રાખીને પ્રયત્ન કરીએ તો કદાચ એ શક્ય બને. અસ્તુ.

''ઈ.સ. ૧૯૮૦ના વર્ષમાં મહાશિવરાત્રીના દિવસે ઓમ્‌પરિવારના બે ગુરુભાઈઓને પૂજ્યશ્રીએ આધ્યાત્મિક નામ આપેલાં. શ્રી વિનુભાઈ શાહને ''ગુરુપ્રેમભિક્ષુ'' અને ડૉ. સોમાભાઈ પટેલને ''સદ્ગુરુસમર્પણભિક્ષુ'' નામ મળેલું. તો, આજે આ બંને ભિક્ષુઓનો આધ્યાત્મિક જન્મદિવસ છે; તે નિમિત્તે ઉમરેઠ ઓમ્‌પરિવારના અતિ આગ્રહને કારણે તેમનું શાલ ઓઢાડીને અભિવાદન કરવાનું છે. શ્રી ગુરુપ્રેમભિક્ષુજી તો ઘણાં વર્ષોથી અમેરિકા સ્થિર થયેલા છે અને અમેરિકાનો ઓમ્‌પરિવાર પૂજ્યશ્રીના આદેશાનુસાર દર વર્ષે એ કાર્ય પતાવે જ છે. ભારતમાં હાલમાં આ કાર્યક્રમ આપણે પલિયડ મુકામે ધ્વજારોહણના દિવસે ''ભિક્ષુબોધોત્સવ''ના નામથી ઊજવીએ છીએ, જે પહેલાં મહાશિવરાત્રીના દિવસે ઊજવાતો. પરંતુ આજે મહાશિવરાત્રી છે અને ડૉક્ટરભિક્ષુજી અહીં ઉપસ્થિત છે; વળી ઉમરેઠ ઓમ્‌પરિવારની પણ ઘણી ઇચ્છા છે તેથી શ્રી કમલેશભાઈ ડૉક્ટરભિક્ષુજીને શાલ ઓઢાડી તેઓનું અભિવાદન કરશે. જો કે આજના આ દિવસે ઘણા બધા ગુરુભાઈ-બહેનોનું અભિવાદન કરવાનું છે તેથી એ કાર્યક્રમ શરૂ કરતાં પહેલાં આપણે સૌ પૂજ્યશ્રી દ્વારા આશીર્વચનની જે કેસેટ તૈયાર થયેલ છે તેને સાંભળીએ. અસ્તુ.''

પંકજભાઈએ તેમનું વક્તવ્ય પૂરું કર્યું એટલે બે સ્વયંસેવકો કેસેટ સંભળાવવાની વ્યવસ્થા કરવા લાગ્યા. પૂજ્યશ્રીની નાદુરસ્ત તબિયતના કારણે તેઓ આજના કાર્યક્રમમાં સ્થૂળ દેહે હાજર નહોતા રહેવાના પરંતુ તેમની ગેરહાજરીમાં પણ સૌને આશીર્વચનનો લાભ મળે એટલા માટે તેઓશ્રીએ એક ઓડિયો કેસેટ તૈયાર કરીને મોકલેલી. સ્વયંસેવકોએ બધી તૈયારી કરી લીધી એટલે સૌ પૂજ્યશ્રીનાં આશીર્વચન ધ્યાનપૂર્વક સાંભળવા તૈયાર થઈને બેઠા. કેસેટ ચાલુ થઈ -

''વહાલા આધ્યાત્મિક મિત્રો; સૌનું હાર્દિક સ્વાગત, સૌને વંદન, અભિનંદન, આશિષ. વંદન એટલા માટે કે આપ

અમારું જ સ્વરૂપ છો, આપ પરમ આત્મસ્વરૂપ છો તેથી આપને સૌને અમારા તરફથી વંદન. અભિનંદન એટલા માટે કે મનુષ્યજન્મ પ્રાપ્ત કરીને આપ આવા શુભ સત્સંગ અને સ્વાધ્યાયના પ્રસંગમાં ઉપસ્થિત રહ્યા છો તે બદલ અભિનંદન. અને આશિષ એટલા માટે કે એ નિયમ છે કે આપણે જે આપીએ એ આપણને મળે, તો અમારે પણ આશિષ જોઈએ છીએ તેથી અમે આપને આશિષ આપીએ છીએ કે જેથી અમને પણ આશિષ મળે. અસ્તુ.

"દુઃખ માત્ર એ વાતનું છે કે અમે સ્થૂળ શરીરથી આપ સૌની સાથે આનંદ લેવા અને આશિષની આપ-લે કરવા નથી આવી શક્યા, ટેપ દ્વારા આપને આશિષ મોકલવા પડ્યા છે. કારણ કે તબિયત નરમ-ગરમ રહ્યા કરે છે. પરમાત્માની જેવી ઈચ્છા. પ્રભુ ઈચ્છા બલિયસી.

"આજે ઉમરેઠ ઓમ્‌પરિવાર મહાશિવરાત્રી નિમિત્તે સ્વાધ્યાય-સત્સંગના કાર્યક્રમ દ્વારા શિવરાત્રીનું મહાન પર્વ ઊજવી રહ્યો છે, શિવરાત્રીનો મહોત્સવ ઊજવી રહ્યો છે; તે બદલ તમને સૌને ખૂબ ખૂબ ધન્યવાદ છે. જેમણે જેમણે આ મહોત્સવમાં આગળ પડીને કાર્ય કર્યું છે, જેમણે જેમણે ઉત્સાહભેર તન-મન-ધન સમર્પણ કર્યું છે તે સૌને ખૂબ ખૂબ ધન્યવાદ અને આશિષ છે. હમણાં ઘણા સમયથી (અમારી) તબિયત નરમગરમ રહ્યા કરે છે તેથી ઓમ્‌પરિવાર-અમદાવાદ તરફથી પણ જે સાત-આઠ કાર્યક્રમો દર વર્ષે નિશ્ચિત થયેલા હતા એ પણ ઘટાડીને ચાર કાર્યક્રમો જ રાખ્યા છે. તમારી સૌની એવી ઈચ્છા અને એવો ઉત્સાહ છે કે તમારે હવે દર વર્ષે ઉમરેઠમાં મહાશિવરાત્રી-મહોત્સવ ઊજવવો છે એ જાણીને ખૂબ જ સંતોષ અને આનંદ થાય છે. અવારનવાર અમે ઉમરેઠમાં બબ્બે-ચારચાર દિવસ રહ્યા, તમારા સૌના ખૂબ સંપર્કમાં આવવાનું થયું તે બધું સાર્થક થયું. અમારા તરફથી તમને જે કાંઈ સાંભળવા મળ્યું તે બધાને તમે સફળ કર્યું એવું અમને લાગે છે. તો જ તન, મન અને ધનથી આવાં કાર્યો કરવાની તમને ઉલટ હોય, ઉત્સાહ હોય. ભગવાનની દયાથી આવાં કાર્યો ખૂબ ખૂબ કરીને મનુષ્યજન્મની સાર્થકતા કરીએ.

"મહાશિવરાત્રી-મહોત્સવની આમંત્રણ-પત્રિકા જેટલી છપાઈ એટલી અને જેટલાને પહોંચાડી શક્યા એટલાને પહોંચાડી છે. એ પત્રિકામાં સુંદર લખાણ છે. તો, જેને એ પત્રિકા ન મળી હોય તે સૌને પણ પત્રિકામાંનું શિવરાત્રી વિષેનું લખાણ સાંભળવા મળે તે હેતુથી અમે પત્રિકા વાંચી જઈએ છીએ. તેનું નામ આપ્યું છે "જીવન-પાથેય" એટલે કે જીવનનું ભાતું.

## જીવન-પાથેય

(૧) સામાન્ય મનુષ્યો શિવરાત્રીને પણ ભોગવિલાસમાં વિતાવીને તેને ભોગરાત્રી બનાવી દે છે; જ્યારે ગુરુસંતસેવી જનો સંયમના સથવારે સામાન્ય રાત્રીને પણ શિવરાત્રી બનાવી દે છે.

(૨) શિવ એટલે કલ્યાણ અને શિવરાત્રી એટલે કલ્યાણ કરનારી રાત્રી. દિવસને કલ્યાણમયી પ્રવૃત્તિમાં પસાર કરવો તે સહેલું છે, પણ રાત્રીને કલ્યાણમયી બનાવવા માટે ખૂબ સાવધાન રહેવું પડે છે. સામાન્ય રાત્રીઓને પણ જેઓ શિવરાત્રીઓ બનાવી દે છે તે મહા શૂરવીર છે, તે સ્વનું અને પરનું અચૂક કલ્યાણ કરી શકે છે

(૩) ઉતાર તરફ તો પાણી પોતાની મેળે જ જવાનું છે, ચઢાણ તરફ પાણી ચઢાવવું મહા કઠિન છે, તેમાં જ પુરુષાર્થની સફળતા અને સાર્થકતા છે. પતન તરફ જવા માટે કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી. ઉત્થાન તરફ જવા માટે જ પ્રયત્ન, પ્રેરણા અને સંતકૃપાની જરૂરત પડે છે.

(૪) પરમ તપસ્વિની મીરાબાઈએ ગાયું છે કે -

**બૈઠ સંગતમેં સંતનકી, કરું કલ્યાણ મૈં અપના;**
**લોગ દુનિયાકે ભોગોમેં મૌજ લૂટે તો લૂટન દે.**

જ્યારે પોતાની આસપાસનું વિશ્વ બધું ભોગવિલાસમાં ગળાડૂબ હોય ત્યારે પણ પોતે પોતાની સંયમમસ્તીમાં રહીને નિજાનંદ માણવા માટે ઘણી ઊંચી સમજણની જરૂર પડે છે. અનેક જન્મોનાં સુકૃત અને અનેક પવિત્ર જનોની આશિષ પ્રાપ્ત હોય ત્યારે જ સંયમ-નિયમમાં રુચિ જાગે છે અને ત્યાગ-વૈરાગ્યની કિંમત સમજાય છે. જેનું મૂલ્ય ન સમજાયું હોય તેવી મૂલ્યવાન વસ્તુને પણ આપણે સાચવી શકતા નથી. માટે સાચા મૂલ્યને સમજીએ.

(૫) સાચો શિવભક્ત તો તે જ છે કે જે ક્ષમા આપી શકે છે. જગતના કલ્યાણ માટે શિવ ભગવાને હળાહળ વિષપાન કર્યું, તો શિવભક્તો લોકકલ્યાણ અર્થે પોતાને નુકસાન કરનારને ક્ષમા ના આપી શકે ? અપમાનનું ઝેર ન પી શકે ?

(૬) આપણે સંયમ અને સદાચારયુક્ત જીવન જીવીને

કોઈ બીજા ઉપર ઉપકાર કરવાનો નથી. તે બધું તો આપણે આપણા કલ્યાણ માટે કરવાનું છે એ ન ભૂલીએ. ગુરુસંતો તો આંગળી ચીંધે છે, રસ્તો તો આપણે કાપવાનો છે. આપણી આસપાસ પ્રલોભનોનો તો કોઈ પાર નથી, એ બધા ઉપર વિજય મેળવીને લક્ષ્યસ્થાને પહોંચવા માટે ખૂબ ધીરજ અને શૂરવીરતાની જરૂર પડશે.

## જીવન-સૂત્રો

(૧) માં-બાપ એમ સમજે કે પુત્ર-પુત્રી મોટાં થઈ રહ્યાં છે; પણ જેમ જેમ તેઓ મોટાં થતાં જાય છે તેમ-તેમ તેઓ મૃત્યુ તરફ આગળ વધીને છોટાં થતાં જાય છે તેની ખબર તેઓને નથી!

(૨) દીકરા-દીકરીના લગ્ન સમયે આપણે ખૂબ આનંદ અનુભવીએ છીએ; પરંતુ તેઓને જવાબદારીઓના અસહ્ય બોજ તળે દબાવી રહ્યા છીએ તે વાતથી આપણે સાવ અજાણ હોઈએ છીએ !

(૩) મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરીને જો જન્મ-મૃત્યુના ચક્કરમાંથી છૂટી જવાય તેવાં કર્મો ન કરી શક્યા તો મનુષ્ય-જન્મ એળે ગયો કહેવાય.

(૪) લગ્નગ્રંથિથી એટલા માટે બંધાવાનું છે કે પછી પતિ-પત્ની બંને પરસ્પરના સહકારથી જન્મ-મરણની મહાભયંકર ગ્રંથિ ભેદીને સનાતન સુખને પ્રાપ્ત કરી લઈએ.

(૫) ગૃહસ્થાશ્રમ એ તો મનુષ્ય-વંશ-તંતુ કાયમ જાળવી રાખવાની પ્રશંસનીય વ્યવસ્થા છે; તે માત્ર ભોગ ભોગવવાનું લાયસન્સ નથી. આહાર, નિદ્રા, ભય અને મૈથુનની પ્રવૃત્તિ તો પશુપક્ષીમાં પણ હોય છે. જો એ પ્રવૃત્તિઓમાં સ્વચ્છંદપણે વર્તીએ તો આપણે પણ શિંગડા-પૂંછડા વિનાનાં પશુઓ જ કહેવાઈએ. અસ્તુ.

**પ્રભુ-ભજનમેં આલસી, ભોજનમેં હુશિયાર;**
**તુલસી એસે જીવકો, લાખ બાર ધિક્કાર.**
**સંત-સમાગમ હરિ-કથા, સાહેબ આવે યાદ;**
**લેખેમેં સોઈ ઘડી, બાકી કે દિન બાદ.**

મહાશિવરાત્રી મહોત્સવ''ની આમંત્રણ-પત્રિકાનું લખાણ પૂજ્યશ્રીના બુલંદ અને ભાવવાહી અવાજમાં સાંભળવું એ પણ લહાવો છે; આજે પૂજ્યશ્રીની સ્થૂળ ગેરહાજરીમાં ઉપસ્થિત ગુરુભાઈબહેનોને એ લાભ મળ્યો. કેસેટમાંનું પ્રવચન આગળ વધે છે કે જેમાં પૂજ્યશ્રી સત્સંગની રસલ્હાણ કરી રહ્યા છે -

''જેમ પથરો વર્ષો સુધી ગંગાજીના પાણીના સંપર્કમાં રહે છે પણ તોય તે પથ્થર જ રહે છે. તેની ઉપરની સપાટી ભીની થાય છે પણ અંદર તો કોરોકટ. તેમ માણસો સંતોના સંગમાં વર્ષો સુધી રહે છે પણ તોય ઉપરથી અને અંદરથી કોરા જ રહે છે. સંતોના સંગમાં રહીને રાગ-દ્વેષ ઓછા ન કર્યા તો શું કમાયા ? સત્સંગ-સ્વાધ્યાયમાં જઈને 'હું-હું' અને અન્યની ઈર્ષા જ કરતા રહ્યા તો શું મેળવ્યું ? સત્સંગમાં જઈને સુધર્યા નહીં અને બીજાને પણ બગાડવાનો પ્રયત્ન કર્યો. આ રીતે જિંદગીનો અમૂલ્ય સમય વેડફી નાખ્યો. જો સત્સંગમાં પણ આમ જ વર્તવું હતું તો, પોતાના ઘરની જેમ જ સ્વચ્છંદીપણે વર્તવું હતું તો સત્સંગમાં ગયા જ શા માટે ? ઘરમાં જ બેસી રહેવું હતું ને, જેથી ધોબીનો કૂતરો વાટનો કે ઘાટનો ન રહ્યો એવું ન થાય. વિષ્ટાનો કીડો વિષ્ટા સાથે લઈને જ સાકરના પહાડ પર ગયો હતો તેમ આપણે પણ રાગદ્વેષ અને અભિમાનરૂપી વિષ્ટા લઈને જ ગુરુસંતો પાસે જઈએ છીએ, પછી સત્સંગની સુગંધ ક્યાંથી પામીએ? અન્યની આધ્યાત્મિક ઉન્નતિ જોઈ રાજી થઈએ. હરીફાઈ હંમેશા સદ્‌ગુણોની કરીએ. ઉંમરના કારણે કે મોટરોના કારણે કોઈ મોટો થઈ જતો નથી પણ ઉદાર વૃત્તિના કારણે મોટો ગણાય છે. આપણે ગુરુસંતોના સંપર્કમાં ઘણાં વર્ષો સુધી રહ્યા તોય આગળ ન વધી શક્યા અને બીજો થોડા સમયમાં પણ આપણાથી ઘણો આગળ નીકળી ગયો તો તેની ઈર્ષા ન કરીએ પણ તેના સદ્‌ગુણોનું અનુકરણ કરીને આપણે પણ આગળ વધીએ.

''ભલે ગમે તેટલાં સુખ-સગવડો ભોગવીએ પણ તોય મૃત્યુ છોડવાનું નથી. મૃત્યુ વખતે બધું જ અહીં છોડીને જવાનું છે. બુદ્ધિશાળી તો તે જ છે કે જે મૃત્યુ પહેલાં જ પોતાના તન-મન-ધનનો સદ્‌ઉપયોગ કરીને સંતોષ મેળવી લે છે. વ્યાવહારિક બધા જ સંબંધો સ્વાર્થથી સંકળાયેલા છે. સંતો સાથેનો આધ્યાત્મિક સંબંધ જ નિઃસ્વાર્થ છે. સંતો પાસે આપણે ગાડી, વાડી કે લાડી માટે નથી જતા પણ એ બધાની નિઃસારતા સમજીને કલ્યાણ-માર્ગના પથિક બનવા જઈએ છીએ. સંતો પાસેથી કોઈપણ પ્રકારની ભૌતિક વસ્તુ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખવી તે કાંચનના બદલે કાચ લીધા બરાબર છે. ભગવાને આપેલી બુદ્ધિ દ્વારા ભૌતિક વસ્તુઓ તો આપણે જાતે મેળવી શકીએ છીએ પણ કલ્યાણ મેળવવા માટે સંતોના માર્ગદર્શનની

જરૂર પડે છે. શિવરાત્રીના આજના સત્સંગમાં શિવભગવાનને પ્રાર્થના કરીએ, ઓમ્‌ભગવાનને પ્રાર્થના કરીએ કે તેઓ આપણને સૌને કલ્યાણ-માર્ગ પર ચાલવાની સમજણ આપે અને કલ્યાણ-માર્ગ પર ચાલતી વખતે જે કાંઈ ટીકાઓ અને નિંદાઓ રૂપી ઝેરનો વરસાદ આપણા ઉપર વરસે તેને સહન કરવાની શક્તિ આપે. અસ્તુ.

''એક સરસ મજાનું જૂનું ભજન છે, તેમાં સંતોનો મહિમા ગાયો છે. તેની પહેલી લીટી છે - સંતોનાં સંતપણાં રે.... ભાઈઓ નથી મફતમાં મળતાં; નથી મફતમાં મળતાં રે એનાં મૂલ્ય ચૂકવવાં પડતાં; સંતોના સંતપણાં રે ભાઈઓ નથી મફતમાં મળતાં.

''સંત અને સંતનો મહિમા.'' ભજનની આગળની લીટીઓ તો જોરદાર છે. સંતો કેવા કેવા મોટા ત્યાગ કરતા હોય છે! કેવાં કેવાં મોટાં બલિદાન આપતા હોય છે !! સામાન્ય મનુષ્યો પોતાની અનેક પ્રકારની ફરિયાદો, પોતાનાં અનેક પ્રકારનાં દુઃખો લઈ અને સંત પાસે જાય અને સંતના ચરણોમાં ઠાલવે. સંતો બધાયનાં દુઃખો સાંભળે, બધાયની ફરિયાદો સાંભળે અને પોતાનાથી શક્ય હોય એટલી એમને મદદ કરે. પરંતુ સંતોનાં દુઃખો, સંતોની ફરિયાદો સંત કોને કહે ? કોની પાસે ઠાલવે ?? સંતો તો બધી ફરિયાદો અને બધાં દુઃખો પોતાના હૃદયમાં જ સમાવી લે. રડવાના સમયે પણ આંસુડાંને બહાર પડવા ન દે, આંસુને પણ પી જાય અને છતાંય આપણા જેવા મૂર્ખાઓ એમના ઉપર ખોટા આરોપો કર્યા જ કરે, એમના ઉપર પોતાનાં દુઃખ અને પોતાની ફરિયાદો ઠાલવ્યા જ કરે. છેવટે સંતોનું શરીર પણ પંચમહાભૂતનું જ છે. એ આવા પ્રહારોથી અંતે ગાંજી જાય, થાકી જાય અને એમનું શરીર છૂટી જાય; છતાંય આપણને એ ભાન ન થાય કે સંતોએ આપણા ઉપર કેટલો ઉપકાર કર્યો છે! આપણે તો સદા આપણા અભિમાનમાં જ રાચતા રહીએ. સંત જતાં આપણને જબરદસ્ત મોટી ખોટ પડી જાય! સંત જતાં આપણને કેટલું મોટું નુકસાન થઈ જાય એનું પણ આપણને ભાન ન રહે. આપણે તો અભિમાનની મગરૂરીમાં જીવતા જ રહીએ અને પછી અનેક આપત્તિઓના ઝપાટામાં નષ્ટભ્રષ્ટ થઈ જઈએ; તોય આપણને સંતોના મહિમાની ખબર ન પડે.

''સંતોનો મહિમા તો જે જાણતા હોય એ જ જાણે. સામાન્ય મનુષ્યનું શું ગજું કે એ સંતોના મહિમાને જાણે અને સંતો માટે કંઈ સાચી સેવા કરી શકે. આપણે તો સંતની સેવા કરવામાંય અભિમાન-અભિમાનનો કંઈ પાર નહીં. સંતને જ્યારે સુવાની ઇચ્છા થાય ત્યારે આપણને સત્સંગ સાંભળવાની ઇચ્છા થાય; સંતનો જ્યારે આરામ કરવાનો ટાઈમ હોય ત્યારે આપણે કહીશું 'બાપજી! અમારે તમારી આરતી ઊતારવી છે.' સંતને જે દિવસે ઉપવાસ કરવાની ઇચ્છા હોય એ દિવસે આપણને ઇચ્છા થાય કે આપણે સંતને લાડુ જમાડવા છે. તો, આ બધી સેવા નથી. આ તો પ્રેમના નામે સંત ઉપર અત્યાચાર છે, એમના ઉપર બળાત્કાર છે અને છતાંય તેઓ હસતા મોંઢે આપણને એક નાસમજ બાળક જેવા સમજીને બધું જ સહન કરતા હોય છે. પરમાત્માને પ્રાર્થના કરીએ કે સાચા સંતોને ઓળખવાની આપણને શક્તિ આપે અને એ રીતે આપણે મનુષ્યજન્મની સાર્થકતા કરીએ. જો આ રીતે મનુષ્યજન્મની સાર્થકતા કરી શકીએ તો જ સાચી શિવરાત્રી ઊજવી કહેવાય. એ સિવાય તો, શિવરાત્રીની ઉજવણી જેમ સામાન્ય મનુષ્યો કરે છે તેવી જ રીતે આપણે પણ ઊજવી કહેવાય. તો, સામાન્ય મનુષ્યમાં અને આધ્યાત્મિકતાના માર્ગે ચાલવાનો પ્રયત્ન કરનારમાં ફેર શું? શિવરાત્રીની સાચી ઉજવણી કરવા માટે તો ઘણી ઊંચી સમજણ, ઘણો બધો ત્યાગ અને ઘણા મોટા બલિદાનની આવશ્યકતા પડે છે; એમાં મૂંગા મોંઢે ખૂબ સહન કરવું પડે છે.

''તો, ફરીફરીને શિવભગવાનને, ઓમ્‌ભગવાનને પ્રાર્થના કરીએ કે જે કાંઈ કલ્યાણમય અને સાચું હોય તે બધું આપણે સારી રીતે, સાચી રીતે સમજી શકીએ અને એનો જીવનમાં અમલ કરી શકીએ.

સત્ય-ધર્મ ગુરુદેવ કી જય.

ઓમ્ નમઃ પાર્વતી પતયે હર હર મહાદેવ હર.''

તો, આમ પૂજ્યશ્રીના સ્વકંઠે કરાયેલા પ્રવચન અને આશીર્વચનની ઓડિયો કેસેટ અહીં પૂરી થઈ. ત્યાર બાદ પંકજભાઈએ ફરી માઈક સંભાળી લીધું અને આમંત્રણપત્રિકામાં રજૂ થયેલ જીવન-પાથેય અને જીવન-સૂત્રો ઉપર થોડી વધુ વાતો કરી અને તે રીતે વધારે સમજણ આપી. ત્યાર બાદ પૂજ્યશ્રીનાં સાહિત્ય, ઓડિયો કેસેટ, ફોટાઓ વગેરે વિષેની પૂર્ણ માહિતી પંકજભાઈએ સૌને આપી. બપોરે લગભગ સવા વાગવા આવ્યો હતો. 'મહાશિવરાત્રી મહોત્સવ'ના કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ. ત્યાર બાદ સૌએ ભોજન-પ્રસાદ લીધો અને આજના કાર્યક્રમના સુંદર આયોજન વિષે વાતો કરતાં કરતાં સૌ વિદાય થયા. અસ્તુ.

લેસર ટાઈપસેટીંગ :- જનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ, ૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી, રત્નાપાર્ક, અમદાવાદ-૬૧. ફોન :- ૭૪૫૪૬૬૯

अीश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।




(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है अैसा पुरुषविशेष/चेतनविशेष अीश्वर है।

(२५) अीश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) अीश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म—मृत्यु से) पर है।

(२७) अीश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पतिवडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

---

● ટ્રસ્ટના ઉદ્દેશો :-

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતન તત્ત્વ કે જેનું નામ પ્રણવ (ઓમ્ -ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ' નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય'ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**લવાજમ દર :-**

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) ---------- | રૂા. ૨૦-૦૦ |
| આજીવન સભ્ય | ( " ) ---------- | રૂા. ૨૫૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) ---------- | ૧૨ $ |
| આજીવન સભ્ય | ( " ) ---------- | ૧૦૧ $ |

**લવાજમ મોકલવાનું સ્થળ :-**

(૧) **ડૉ. સોમાભાઈ એ. પટેલ**
૧/અ, પલિયડનગર,
સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) **નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**સૂચના :-**

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા " ઓ. પ્રે. પ. ટ્રસ્ટ " ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

(૩) " ઋતમ્ભરા " ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
**નૈષધભાઈ સી. વ્યાસ**
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

**પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેના સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.**

**PRINTED BOOK**

Registrar of News Papers of India under Regd.No. 48770/90
L-5/131/QTY./34/90-91

To,

Pin Code


આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**PRINTED & PUBLISHED BY :-**
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
1/A, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at: Kunal Offset, Odhav, Ahmedabad.
Hon. Editor : Naishadh vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March 2000